dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 239 | AD - 2026, Jeth Vad -05 | Friday, Dt. 05-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00





## પીએમ મોદી આજે ગુજરાતમાં : રૂ.૨૧,૭૭૦ કરોડથી વધુના કાર્યોનું ઉદ્‌ઘાટન કરશે



અમદાવાદ,તા.૦૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૫ જૂન, ૨૦૨૬ના રોજ ગુજરાત અને દમણની મુલાકાત દરમિયાન કુલ રૂ.૨૧,૭૭૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. સુરતમાં રૂ.૧૮,૮૦૦ કરોડના પ્રોજેક્ટ્‌સમાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસવે (પેકેજ ૧ અને ૨) રાષ્ટ્રને સમર્પિત કરવા, NH-૫૬ને ફોર-લેન બનાવવો અને ૨૦૦ બેડની ESIC હોસ્પિટલનું ઉદ્‌ઘાટન સામેલ છે. ત્યારબાદ, તેઓ દમણમાં રૂ.૨,૯૭૦ કરોડના પ્રોજેક્ટ્‌સ જેવા કે નમો એરપોર્ટનું નવું ટર્મિનલ અને નમો હોસ્પિટલ દેશને સમર્પિત કરશે. આ સાથે લક્ષદ્વીપના કલ્પેની અને કદમત ટાપુઓ પર રૂ.૮૮૫ કરોડના બંદર વિકાસ કાર્યોનો શિલાન્યાસ પણ કરવામાં આવશે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૫-૦૬-૨૦૨૬

### જમીનની ભાગબટાઈનો ઝઘડો લોહીયાળ બન્યો, ભાઈ સહિતના પરિવારજનો તૂટી પડ્યા

# ખાંભાના કંટાળા ગામે સગા મોટાભાઈએ ભાઈની કરી હત્યા

ખાંભા,તા.૦૪

ખાંભા તાલુકાના કંટાળા ગામેથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં માત્ર જમીનની ભાગબટાઈના એક સામાન્ય વિવાદે એટલું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું કે સગા મોટા ભાઈ અને તેના પરિવારે મળીને પોતાના જ નાના ભાઈની નિર્મમ હત્યા કરી નાખી. આ લોહીયાળ સંઘર્ષમાં વચ્ચે પડેલા મૃતકના પત્ની અને અન્ય એક મહિલા પર પણ ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. આ ચકચારી ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ ખાંભા પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કંટાળા ગામે રહેતા સોંદરવા પરિવારમાં માતાના નામે આશરે ત્રણ વીઘા જેટલી જમીન આવેલી છે. આ જમીનની સત્તાવાર ભાગબટાઈ હજુ સુધી થઈ ન હોવા છતાં, ગત મોડી રાત્રે મોટા ભાઈ નાનજીભાઈ સોંદરવા વિવાદિત જમીનમાં ટ્રેક્ટરનું રોટાવેટર ચલાવવા પહોંચ્યા હતા. આ જોઈ નાના ભાઈ રાઘવભાઈ ભગવાનભાઈ સોંદરવા ત્યાં દોડી



ગયા હતા અને કાયદેસરના ભાગ પાડ્યા પછી જ ખેડ કરવા જણાવ્યું હતું. આ સાંભળી મોટા ભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને સામાન્ય બોલાચાલી જોતજોતામાં ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી. પૂર્વ આયોજિત વેર રાખીને નાનજીભાઈ અને તેમનો પરિવાર ઘાતકી હથિયારો સાથે તૂટી પડ્યો હતો. નાનજીભાઈએ લાકડીથી અને નરશીભાઈએ ખરપિયા વડે રાઘવભાઈ પર આડેધડ ઘા કર્યા હતા. તે દરમિયાન રાજુભાઈએ ક્રૂરતાપૂર્વક કુહાડીના બે જીવલેણ ઘા માથાના પાછળના ભાગે મારી તેમને જમીન પર ઢાળી દીધા હતા. રાઘવભાઈ લોહીલુહાણ હાલતમાં તરફડતા હોવા છતાં આરોપીઓએ લાકડી, કુહાડી અને જાડા વાયર વડે બેરહેમીથી માર મારવાનું ચાલુ રાખ્યું હતું, જેના કારણે રાઘવભાઈનું કરુણ મોત નીપજ્યું હતું. આ સમયે પતિને બચાવવા વચ્ચે પડેલા તેમના પત્ની અને પડોશી આરતીબેન પર પણ આરોપી પક્ષની મહિલાઓ કાંતુબેન અને ગીતાબેને લાકડીઓ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલાખોરો જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા, જે અંગે ખાંભા પોલીસે હત્યા અને રાયોટિંગનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# લાઠીના પીપળવા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળ જાગૃતિનો કાર્યક્રમ

લાઠી,તા.૦૪

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના પીપળવા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા પાણી બચાવવા અને તળાવો ઊંડા કરવા અંગે એક વિશેષ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ સખિયાએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૨૦,૦૦૦થી વધુ નાના-મોટા જળસંચયના કાર્યો પૂર્ણ કરાયા છે અને હવે ૧,૧૧,૧૧૧




જળ કાર્યોનો ભગીરથ સંકલ્પ છે. સૌરાષ્ટ્રની ધરતી પર ભૂગર્ભ જળના તળ ખૂબ નીચે ગયા છે ત્યારે વરસાદનું એક પણ ટીપું દરિયામાં વહી ન જાય તે માટે વતનની ધરતીને પાણીદાર બનાવવી અનિવાર્ય છે.સાંસદ ભરતભાઈ સુતરીયાએ જળ સંચયનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, ભવિષ્યની પેઢી માટે પાણી બચાવવું ખૂબ જ અનિવાર્ય છે. તેમણે ટ્રસ્ટની કામગીરીને બિરદાવી હતી.ધારાસભ્ય જનકભાઈ તળાવીયા એ જણાવ્યું કે, હાલ આખા ગુજરાતમાં અમરેલી જિલ્લો ચેકડેમ ઊંડા કરવાની કામગીરીમાં ગેરંટી સાથે મોખરે છે, અને આગામી દિવસોમાં આપણો જિલ્લો પાણી બચાવો અભિયાનમાં નંબર વન બનશે. તેમણે જેટકો કંપની, ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટના સહયોગની સરાહના કરી હતી.

# કુંભારીયા ગૌશાળામાં આગ લાગતા ગ્રામજનો અને ફાયર ટીમની તત્પરતાથી મોટી દુર્ઘટના ટળી

રાજુલા,તા.૦૪

રાજુલા તાલુકાના કુંભારીયા ગામે એસટી બસ સ્ટેન્ડ નજીક આવેલી ગૌશાળામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક એકઠા થઈ ગયા હતા અને આગ



તસવીર : ગોપાલ રાઠોડ

બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આગ વધુ પ્રજ્વલિત થતાં રાજુલા ફાયર ટીમને બોલાવવામાં આવી હતી. સરપંચ ભરતભાઈ રાદડિયા, ગ્રામજનો અને ફાયર ફાઈટર્સ શીવાભાઈ જોખિયા તેમજ જય પરમારના સંયુક્ત અને પ્રશંસનીય પ્રયાસોથી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયો હતો. સદભાગ્યે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી.

### મનસ્વી રીતે બસ બંધ કરી દેતા અધિકારીઓ નવી બસ સેવા શરૂ કરશે?

# બગસરા-અમરેલી સીધી બસ શરૂ કરવા મુસાફરોની માંગ

બગસરા,તા.૦૪

બગસરા ડેપોમાંથી ધારી-ફતેપુરા બસ બંધ કરી દીધા બાદ આ બસ કે અન્ય બસ શરૂ કરવાની શહેર ભાજપ પ્રમુખ અને સાંસદની રજૂઆત પણ એસ.ટી.અધિકારીઓ ઘોળીને પી ગયા છે. ધારી-ફતેપુરા બસ બંધ થયા બાદ બપોરના ૧:૦૦ કલાકે અમરેલી જવા માટે સીધી બસ સેવા શરૂ કરવા મુસાફરોને માંગ કરી છે. ધારી-ફતેપુરા વાયા બગસરા બસ બંધ કરી દીધા બાદ મુસાફરોની હાલાકીમાં વધારો થયો છે. અમરેલી જવા માટે સીધી બસ છેક બપોરના બે વાગ્યે મળતી હોય અને તેમાં અમરેલી જવા માટે મુસાફરોને ઉભા રહેવાની જગ્યા પણ મળતી ન હોવાથી મુસાફરોમાં ભારે આક્રોશ ફેલાયો છે. બગસરાથી અમરેલી જવા માટે ઉપડતી બે બસ ગ્રામ્ય વિસ્તારોમાં આંટાફેરા કરીને જતી હોવાથી મુસાફરોને સમયનો વ્યય થાય છે. જેથી બગસરાથી અમરેલી જવા માટે બપોરના ૧:૦૦ કલાકે સીધી બસ સેવા શરૂ કરવાની માંગ ઉઠવા પામી છે. ધારી-ફતેપુરા વાયા બગસરા બસ બંધ થયા બાદ સાંસદ ભરત સુતરીયા અને શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણીએ પણ વિભાગીય નિયામકને રજૂઆત કરી હતી પરતું આગેવાનોની રજૂઆત પણ એસ.ટી.અધિકારીઓ ઘોળીને પી ગયા છે. આમ, સાંસદ સહિતનાઓની રજૂઆત બાદ પણ એસ.ટી.અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા મુસાફરોમાં રોષ ફેલાયો છે.

**બપોરે ઉપડતી તમામ લોકલ બસ ગ્રામ્ય વિસ્તારોમાં થઈ અમરેલી જતી હોવાથી સમયનો વ્યય**

# બગસરા નાગરીક સહકારી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિ ચુકવાઈ

બગસરા,તા.૦૪

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિમિટેડની બગસરા શાખા દ્વારા મંડળીના સભાસદ રવિસિંહ માનસિંહ રાઠોડનું આકસ્મિક અવસાન થતાં મંડળી દ્વારા તેમના વારસદારને આર્થિક સહયોગ પૂરો પાડવા માટે બાજપાઈ સહાય નિધિ અંતર્ગત રૂપિયા ૨૫,૦૦૦ની રકમનો ચેક



અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળીના જનરલ એમ. ડી. નિતેશભાઈ ડોડીઆ, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ તેમજ જનરલ સેક્રેટરી ડી. જી. મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગર મુખ્ય બજાર બ્લોક ઉખડી જતા અકસ્માતનો ભય

દામનગર,તા.૦૪

દામનગર શહેરની મધ્યમાં આવેલા શ્રી રામજી મંદિરના મુખ્ય દરવાજા સામે મેઈન બજારમાં ફિટ કરવામાં આવેલા પેવર બ્લોકનો મોટો હિસ્સો કેટલાય મહિનાઓથી ઉખડી ગયો છે. આ રસ્તો સમતલ ન હોવાને કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે ભારે ભયજનક પરિસ્થિતિ સર્જાઈ છે. પવિત્ર મંદિરના દર્શને આવતા ભક્તો અને સ્થાનિક રાહદારીઓ અહીં છાશવારે લપસીને



પડી જાય છે અને અકસ્માતનો ભોગ બને છે. દરરોજ સેંકડો ગ્રામજનો આ જોખમી માર્ગ પરથી પસાર થાય છે, તેમ છતાં વહીવટી તંત્રના અધિકારીઓ અને સ્થાનિક જનપ્રતિનિધિઓ આ ગંભીર સમસ્યા પ્રત્યે સંપૂર્ણ આંખ આડા કાન કરી રહ્યા છે. ગામના વિકાસની મોટી-મોટી વાતો કરતા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ જોખમી જગ્યાને તાકીદે સુરક્ષિત અને સુવ્યવસ્થિત કરે તેવી ગ્રામજનો અને દર્શનાર્થીઓની ઉગ્ર લાગણી અને માંગ છે.

# વડીયાની સીમમાં સસલાનો શિકાર કરવાની તૈયારી કરનાર બે શખ્સો વન તંત્રના હાથે ઝડપાયા

વડીયા,તા.૦૪

અમરેલી વન વિભાગે ચોક્કસ બાતમીના આધારે વડીયા ગામની સીમમાં સફળ ઓપરેશન હાથ ધરીને શિકારની તૈયારી કરતા બે શખ્સો, અરવિંદભાઈ અને રાજુભાઈને રંગેહાથ ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી સસલાના શિકાર માટે વપરાતા મેવટા અને ગીલોર જેવા સાધનો જપ્ત કરવામાં આવ્યા છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીઓએ



અગાઉ તેતર પક્ષીઓનો પણ શિકાર કર્યો હોવાની કબૂલાત કરી છે. વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ ગુનો નોંધી વન વિભાગે બંને શખ્સો પાસેથી રૂ. ૨૦,૦૦૦નો દંડ વસૂલ કર્યો છે.

આ કામગીરી વનરક્ષક એચ.ડી. રાખોલિયા, વનપાલ એસ.પી. તેરૈયા અને ટ્રેકર્સની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# ધારી ગીર પૂર્વ ડિવિઝનની સરસિયા રેન્જમાં સિંહણનો મૃતદેહ મળી આવ્યો

**ગર્ભમાં બચ્ચાનું મોત સિંહણના મોતનું કારણ : વનવિભાગનો દાવો**



અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાંથી વધુ એક સિંહણના મોતના સમાચાર સામે આવ્યા છે. ધારી ગીર પૂર્વ ડિવિઝનની સરસિયા રેન્જમાં આવેલા લુવારિયા કૃષ્ણગઢ વિસ્તારમાંથી આ સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો. વનવિભાગના જણાવ્યા અનુસાર આ સિંહણ ગર્ભવતી હતી અને ગર્ભમાં જ તેના બચ્ચાનું મોત થવાના કારણે સિંહણનું પણ મૃત્યુ નીપજ્યું હતું. ગાંધીનગરના પીસીસીએફ જયપાલસિંહે પણ આ વાતની સત્તાવાર પુષ્ટિ કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ સિંહણનો મૃતદેહ બે દિવસથી ત્યાં પડ્યો હતો અને સ્થાનિક લોકોની જાણ કર્યા બાદ વનવિભાગ મોડી સાંજે ઘટનાસ્થળે પહોંચ્યું હતું, જેને પગલે વનવિભાગની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

# કુંકાવાવ તાલુકાના અમરાપુર ગ્રામ પંચાયતમાં સીસીટીવીના નામે રૂા. ૩.૯૦ લાખનો ધુમાડો

વડીયા,તા.૦૪



કુંકાવાવ તાલુકાના અમરાપુર ગ્રામ પંચાયતનો મોટો ધાંધિયાબાજીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ગામની સુરક્ષા માટે જનતાના ટેક્સના અંદાજે રૂ.૩,૯૦,૦૦૦ ના ખર્ચે લગાવવામાં આવેલા ૧૬ સીસીટીવી કેમેરા હાલ શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. પૂર્વ સરપંચ સુખાભાઈ વાળાએ મીડિયા સમક્ષ પંચાયતની આ ગંભીર બેદરકારી ખુલ્લી પાડી છે. આશ્ચર્યની વાત એ છે કે કુલ ૧૬ કેમેરામાંથી માત્ર ૧ જ કેમેરો ચાલુ છે અને બાકીના ૧૫ કેમેરા સદંતર બંધ છે. કેટલાક કેમેરાના વાયરો પણ કપાયેલા જોવા મળ્યા છે, જેને કારણે આખું ગામ ભગવાન ભરોસે મુકાઈ ગયું છે. કલેક્ટર અને એસ.પી.ની સ્પષ્ટ સૂચના હોવા છતાં તલાટી કે ટીડીઓ દ્વારા કોઈ પગલાં લેવાયા નથી. મેન્ટેનન્સ એજન્સીની આવી નિષ્ક્રિયતા સામે પૂર્વ સરપંચે ઉચ્ચ સ્તરે કડક તપાસની માંગ કરી છે.

# રાજુલા તાલુકાના કુંભારિયા ગામે સોલાર કોલ્ડ સ્ટોરેજનું લોકાર્પણ

રાજુલા,તા.૦૪



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા તાલુકાના કુંભારિયા ગામ ખાતે ૩ જૂન, ૨૦૨૬ના રોજ ઉત્કંઠા મહિલા પ્રોડ્યુસર કંપની લિમિટેડ સંચાલિત સોલાર કોલ્ડ સ્ટોરેજનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પહેલ "Soil to Sustainability-૨" પ્રોજેક્ટ હેઠળ અમલમાં મૂકવામાં આવી છે, જે ખેડૂતોને તેમની કૃષિ ઉપજના વૈજ્ઞાનિક સંગ્રહ માટે આધુનિક સુવિધા પૂરી પાડશે.આ કાર્યક્રમમાં APM Terminals ના CSR હેડ શૈલેન્દ્ર ગુપ્તા, કુંભારીયા ગામના સરપંચ ભરતભાઈ રાદડિયા, WAY Foundation તરફથી વૃષા અને પ્રક્ષલ મહેતા, તેમજ Farmfluence તરફથી ગૌરવ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

**પીએમ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતા**

# અમરેલી જિલ્લામાં આજથી ૨૧ જૂન સુધી જનકલ્યાણ કાર્યક્રમો યોજાશે

અમરેલી,તા.૦૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે અમરેલી જિલ્લામાં આગામી ૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન ભવ્ય જનકલ્યાણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને યોજાયેલી સમીક્ષા બેઠકમાં આ કાર્યક્રમોને સુચારુ રૂપ આપવા માટે જરૂરી દિશાનિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉજવણીની શરૂઆત ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વ્યાપક વૃક્ષારોપણ સાથે થશે. આ ઉપરાંત, જિલ્લાના વિવિધ પ્રવાસન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થળોની સમીક્ષા માટે 'પ્રગતિ યાત્રા' અને પ્રબધ્ધ નાગરિકોના પ્રતિભાવો મેળવવા 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે. છેવાડાના નાગરિકોને સ્થળ પર જ સરકારી યોજનાઓનો લાભ આપવા 'જનકલ્યાણ શિબિરો' અને ખેડૂતોના માર્ગદર્શન માટે 'પ્રાકૃતિક કૃષિ શિબિરો'નું વિશેષ આયોજન કરાશે. સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અને પાછલા ૧૨ વર્ષના વિકાસકાર્યોની પ્રદર્શની પણ યોજાશે. આ ઉત્સવનું સમાપન ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી સાથે થશે.

# લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૪ જૂને યોજાશે

લાઠી,તા.૦૪

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તારીખ ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લાઠી મામલતદાર કચેરી ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. તાલુકા કક્ષાના અધિકારવાળા અને સરકારી સ્તરે બાકી રહેલા નાગરિકોના અંગત પ્રશ્નોના નિકાલ માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે નાગરિકો પોતાના વણઉકેલાયેલા પ્રશ્નોની રજૂઆત કરવા માંગતા હોય, તેમણે સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયની અરજીઓ તારીખ ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં લાઠી મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા રજિસ્ટર્ડ પોસ્ટ મારફતે પહોંચતી કરવાની રહેશે. અરજદારે પોતાની અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" એવું સ્પષ્ટપણે અવશ્ય લખવાનું રહેશે, તેમ લાઠી તાલુકાના મામલતદાર દ્વારા સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના કાર્યકાળમાં અદ્યતન માર્કેટ બને તેવી લોકમાંગ**

# સાવરકુંડલામાં નાવલી નદીના પટમાંથી શાકમાર્કેટ 'ખાતરવાડી'માં શરૂ કરાઈ

સાવરકુંડલા, તા.૦૪



સાવરકુંડલા શહેરમાં વર્ષોથી નાવલી નદીના પટમાં ભરાતી પરંપરાગત શાકમાર્કેટને આખરે અમરેલી રોડ પર આવેલ 'ખાતરવાડી' ખાતે શિફ્ટ કરવામાં આવી છે. નગરપાલિકાના ચીફ ઓફિસર રતાણીએ રૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાની સમીક્ષા કરી હતી અને પાર્કિંગ એરિયામાં દબાણ ન થાય તે માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ નવી જગ્યાએ અંદાજે ૨૦૦ જેટલા શાકભાજી વિક્રેતાઓ ઉત્સાહભેર સ્થળાંતરિત થયા છે. સામાજિક સમરસતાના પ્રતીક સમાન આ બજાર માટે તંત્ર દ્વારા યોગ્ય સર્વે કરીને પૂરતા હવા-ઉજાસવાળી એક અદ્યતન કમ્પાઉન્ડેડ ઈમારત બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. સ્થાનિક નાગરિકો આશા રાખી રહ્યા છે કે સક્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વર્તમાન કાર્યકાળ દરમિયાન જ શહેરને આ કાયમી અને અદ્યતન સુવિધા પ્રાપ્ત થાય.

# જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે ધમકી આપનાર બે શખ્સોની પોલીસે અટકાયત કરી

જાફરાબાદ,તા.૦૪

જાફરાબાદના નાગેશ્રી ગામે સર્વે નંબર ૪૫૧ પૈકી ૧ અને ૨ ની પોતાની માલિકીની જમીન પર જતા સુરેશભાઈ વરુ, દીપુભાઈ વરુ અને રણજીતભાઈ વરુને કિરણભાઈ વરુ તથા દિપેશભાઈ વરુ નામના શખ્સો અવારનવાર રસ્તામાં અડચણ ઊભી કરી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. આ શખ્સો લોખંડની પાઈપ અને તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી માર મારતા હોવાની લેખિત ફરિયાદ અરજદારોએ સુરક્ષા માટે કરી હતી. મામલાની ગંભીરતા જોઈ નાગેશ્રી પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી મામલતદાર સમક્ષ રજૂ કર્યા હતા. મામલતદારે આરોપીઓ પાસેથી હવે પછી આવી કોઈ ગેરકાનૂની પ્રવૃત્તિ કે હેરાનગતિ ન કરવાની બાહેંધરી મેળવી, ભવિષ્યમાં ગુનો આચર્યે જામીન રદ થવાની શરતે તેઓને મુક્ત કર્યા હતા.






-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.160/2026
જન્મ તારીખ : 16/04/1997

શ્રી કુવરબેન લખમણભાઈ લાલકીયા,
રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, ઘાંટવડ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી કુવરબેન લખમણભાઈ લાલકીયા, રહે.ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લખમણભાઈ જેસાભાઈ લાલકીયા તથા કુવરબેન લખમણભાઈ લાલકીયા ના પુત્રી લીલાબેન લખમણભાઈ લાલકીયાનો જન્મ તારીખ.16/04/1997ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# લાઠીના નારાયણનગરથી પરણીતા ઘરેથી ચાલી નીકળી

**પરિણીતાના પરિવારે પોલીસમાં જાણ કરી**

લાઠી, તા. ૦૪

લાઠીના નારાયણનગરથી એક પરણીતા ઘરેથી ચાલી નીકળી હતી. પરિવારજનો દ્વારા ઘણી શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગે અંકિતભાઈ હરેશચંદ્રભાઈ સોલંકી (ઉ.વ. ૨૬)એ પોલીસ મથકે નોંધાવેલી વિગત મુજબ, તેમની પત્ની સંજુદેવી અઠવાડિયા પહેલાં કોઈને પણ કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલી ગઈ હતી.












-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.133/2026
જન્મ તારીખ : 10/07/1994

શ્રી નાનૂબેન જોરૂભાઈ મકવાણા,
રહે.ઘાંટવડ, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, ઘાંટવડ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી નાનૂબેન જોરૂભાઈ મકવાણા, રહે.ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જોરૂભાઈ મકવાણા તથા નાનૂબેન જોરૂભાઈ મકવાણા ના પુત્ર અજીતભાઈ જોરૂભાઈ મકવાણાનો જન્મ તારીખ.10/07/1994ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




**અકસ્માતનો સિલસિલો યથાવત, પરિવારનો માળો વીંખાયો**

# અમરેલી જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટનામાં બેના મોત

અમરેલી, તા. ૦૪

અમરેલી જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટના બની હતી. જેમાં બે લોકોએ જીવ ગુમાવ્યો હતો. મૂચાવંડના અને હાલ સુરતના પાસોદરના રહેતા નિકુંજભાઈ અશ્વિનભાઈ ગેલાણી (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, તેમના કુટુંબીભાઈ ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ સવારના સાડા નવેક વાગ્યે પોતાની મોટરસાયકલ લઈને બાબરાથી ચાવંડ ગામ તરફ જતા હતા તે વખતે ભાવનગર રાજકોટ હાઈવે ઉપર ડોલી વોટરપાર્ક પાસે પહોંચતા સામેથી એક સફેદ કલરની હ્યુન્ડાઈ વેન્યુ કારના ચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં બંન્ને પગમાં તથા ડાબા હાથમાં ફેક્ચરની ઈજા થઈ હતી. બીજા બનાવમાં બાબરાના કરીયાણા ગામે રહેતા અને હીરાકામ કરતાં સંજયભાઈ સોમાભાઈ સાકરીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, મનસુખભાઈ સોમાભાઈ સાકરીયા રાત્રે પોણા એક વાગ્યે ખંભાળાથી કરીયાણા વચ્ચે આધીયા ડુંગરની સામેથી પસાર થતાં હતા ત્યારે આડે રોઝડું આડું પડતાં મોટર સાયકલ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેમાં તેમનું મોત થયું હતું અને પાછળ બેઠેલા નીલેશભાઈને નાની મોટી ગંભીર ઈજા પહોંચી હતી. ત્રીજા બનાવમાં હિંડોરણા નદી કાંઠા વિસ્તારમાં રહેતા રામભાઈ વાજસુરભાઈ પટાટ (ઉ.વ.૨૯) એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા વાજસુરભાઈ ભીમાભાઈ પટાટ રાજુલાથી હિંડોરણા ગામે મોટર સાયકલ લઈને જતા હતા. તે દરમિયાન છતડીયા ગામના બસ સ્ટેશનથી આગળ સર્વિસ રોડ ઉપર આશરે ચારેક વાગ્યાના અરસામાં પહોંચતા હિંડોરણા ગામ તરફથી સામેથી એક બોલેરો વાહન ચાલકે તેમના પિતાને ટક્કર મારી હતી. જેમાં તેમના પિતાને ગંભીર ઈજા થવાથી મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ચાલક વાહન સ્થળ ઉપર મુકીને નાસી ગયો હતો.

# નાગેશ્રી પોલીસે ચોરાઉ બાઈક સાથે બે શખ્સને ઝડપી પાડ્યા



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૦૪

નાગેશ્રી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર. આર. ગળચરની બાતમીના આધારે પોલીસે સરાહનીય કામગીરી કરી છે. સ્ટાફે નાગેશ્રી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના હેઠળ નોંધાયેલા એક અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. કાર્યવાહી દરમિયાન દેલવાડાના અલ્હાજ દાદુભાઈ મન્સુરી અને જાફરાબાદના શાબીરપીયા સાહિદભાઈ સરવૈયાને ચોરીની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (રજિસ્ટ્રેશન નંબર GJ-૦૩-૨૦૬૩, કિંમત રૂપિયા ૩,૫૦૦) સાથે દબોચી લેવાયા હતા. નાગેશ્રી પોલીસ ટીમ દ્વારા પકડાયેલા બંને આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હાલરીયા ગામે ખેતરમાં લગાવેલા સિમેન્ટના થાંભલા અને CCTV તોડી નાખ્યા

બગસરા, તા. ૦૪

બગસરાના હાલરીયા ગામે ખેતરમાં લગાવેલા સિમેન્ટના થાંભલા અને સીસીટીવીમાં તોડફોડ કરીને રૂ. ૧૪,૨૦૦નું નુકસાન કરાયું હતું.

આ અંગે ઈમરાનભાઈ હુસેનભાઈ સંવટ (ઉ.વ. ૩૬)એ બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તેમની માલિકીના ખેતરમાં આ અજાણ્યા માણસોએ ગેરકાયદે પ્રવેશ કરીને સિમેન્ટના ૨૩ થાંભલા અને સીસીટીવી કેમેરા તોડી પાડી કુલ રૂ. ૧૪,૨૦૦નું નુકસાન કર્યુ હતું. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ માધવજીભાઈ લક્ષ્મણભાઈ ડાભી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત લાઠીના મતિરાળા ગામમાં નવજાત બાળકની જન્મજાત ખામી દૂર કરાઈ

અમરેલી,તા.૦૪



લાઠી તાલુકાના મતિરાળા ગામમાં શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત એક નવજાત બાળકની જન્મજાત ખામીની સફળ સર્જરી કરવામાં આવી છે. આ બાળકને જન્મથી જ બંને બાજુ હોઠ ફાટેલા અને તાળવામાં ચીરો હોવાનું નિદાન થયું હતું. ખાનગી હોસ્પિટલમાં આ ઓપરેશનનો અંદાજિત ખર્ચ દોઢથી બે લાખ રૂપિયા જેટલો હોવાથી પરિવાર ખૂબ ચિંતિત હતો. આ દરમિયાન આરોગ્ય વિભાગને જાણ થતાં લાઠી તાલુકાના નોડલ મેડિકલ ઓફિસર ડો. હરિવદન પરમારે બાળકના ઘરની મુલાકાત લીધી હતી. તેમણે તપાસ કરીને બાળકને વિનામૂલ્યે સુપર સ્પેશિયાલિટી સારવાર માટે રાજકોટ મોકલવાની ભલામણ કરી હતી. રાજકોટ ખાતે આધુનિક પધ્ધતિથી બાળકની પ્લાસ્ટિક સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી જેનાથી બાળકની જન્મજાત ખામી દૂર થઈ છે.

# અમરેલીમાં આર્થિક તંગીના કારણે યુવકે ઝેરી દવા પી આપઘાત કર્યો

**આપઘાત અંગે અમરેલી સીટી પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૦૪

અમરેલીમાં એક યુવકે આર્થિક સંકડામણના કારણે ઝેરી દવા પી લીધી હતી. મૃતકના ભાઈ દિપકભાઈ બાબુભાઈ ચાવડા (ઉ.વ. ૩૧) એ પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ, કરણભાઈ બાબુભાઈ ચાવડા (ઉ.વ.૨૭) ઘરની ખરાબ પરિસ્થિતિ અને આર્થિક તંગીના કારણે ઘઉંમાં નાખવાનો (ઝેરી) પાવડર પી ગયા હતા, જેથી તેમનું મરણ નીપજ્યું હતું. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં ૫ જૂને રોજગાર ભરતી મેળાનું કરાયું આયોજન

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુક યુવાનો માટે આગામી ૫ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બહુમાળી ભવન સ્થિત જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે એક ભવ્ય ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં અગ્રગણ્ય એકમો દ્વારા વિવિધ જગ્યાઓ ભરવામાં આવશે, જેમાં ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. શૈક્ષણિક લાયકાતમાં ધોરણ ૧૦ અને ૧૨ પાસથી લઈને સ્નાતક, કમ્પ્યુટર જ્ઞાન ધરાવતા ઉમેદવારો તેમજ સેલ્સ ઓફિસર, ડિપ્લોમા ટેક્નિશિયન, બી.એસ.સી, મશીન ઓપરેટર અને બી.ફાર્મ જેવી વિશેષ લાયકાત ધરાવતા યુવાનો માટે સોનેરી તક છે. ઉત્સાહી ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક દસ્તાવેજો અને ઓળખપત્ર સાથે અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે ઓનલાઈન નોંધણી કરાવીને લોગિન કરવું ફરજિયાત છે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવારો જોબફેરમાં ભાગ લઈ શકશે, તેમજ વધુ વિગતો માટે કચેરી સમય દરમિયાન અમરેલી રોજગાર કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

# ધારીમાં મોટર સાયકલ પર થતી વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

ધારી, તા.૦૪

ધારીમાં મોટર સાયકલ પર થતી ઈંગ્લીશ દારૂની હેરાફેરી ઝડપાઈ હતી. હીમખીમડીપરામાં રહેતો સતીશ ઉર્ફે સતુ વાસુરભાઈ બોરીચા (ઉ.વ.૨૪) મોટર સાયકલ લઈને પસાર થતો હતો ત્યારે અટકાવી તલાશી લેતા તેની પાસેથી ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાન્ડની ૧૬ બોટલ ઝડપાઈ હતી. પોલીસે બાઈક, દારૂની બોટલો સહિત ૩૫,૩૨૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. તેણે આ જથ્થો કુબડાના રવીભાઈ ગભરૂભાઈ વાળા પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. જિલ્લામાં ત્રણ મહિલા સહિત નવ લોકો પાસેથી ૨૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૦ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# રાજુલાના કુંડલીયાળા ગામે દીવાલ મુદ્દે પતિ-પત્નીને ગાળો અપાઈ

**જાનથી મારવાની ધમકી પણ આપી**

રાજુલા, તા. ૦૪

રાજુલાના કુંડલીયાળા ગામે દીવાલ મુદ્દે પતિ-પત્નીને ગાળો આપવામાં આવી હતી, ઉપરાંત જાનથી મારવાની ધમકી પણ આપી હતી. આ અંગે દીપકભાઈ રત્નાભાઈ બારૈયા (ઉ.વ. ૨૭) એ ગોવિંદભાઈ બાવભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના રહેણાંક મકાનની દીવાલ બનાવતા હતા, જે આરોપીને ગમતું નહોતું. આથી આરોપીએ ચણેલી દીવાલને ધક્કો મારી પછાડી દીધી હતી. આ બાબતે ઠપકો આપતાં આરોપીને સારું લાગ્યું નહોતું અને તેણે દીપકભાઈ તથા તેમની પત્નીને ગાળો આપી હતી. તેમજ લાકડી લઈ મારવા દોડ્યો હતો. તેણે દીપકભાઈના પત્નીને ધક્કો મારી પછાડી દઈ ઈજા પહોંચાડી હતી અને તેમના પિતાને પણ ગાળો આપી હતી. ઉપરાંત, તમામને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૦૫-૦૬-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

**તા.૦૫-૦૬-૨૦૨૬ શુક્રવાર**

મેષ: પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે શ્રેષ્ઠ સ્થળે પ્રવાસની યોજના બનાવો અને સ્વાદિષ્ટ ભોજન લેવાની તક મળશે.

વૃષભ: આજે તમારું ધ્યાન અનિયંત્રિત બાબતો પર વધુ રહેશે. અન્ય લોકો ત્રાસ આપતા આનંદ લેશે પણ કોઈની નારાજગી પછી પરિસ્થિતિથી અજાણ રહેશે.

મિથુન: સમાજના વરિષ્ઠ લોકોના અણધાર્યા સહયોગથી મન ઉત્સાહિત થશે. ઘરેલું કામ હલ કરવામાં થોડો સમય વિતાવશે.

કર્ક: તમને ક્ષેત્રમાં થોડી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, એક સાથે અનેક કાર્યો કરવાથી માનસિક તાણ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ કારકિર્દી અને પરિવારના સભ્યો પર વધુ કેન્દ્રિત રહેશે. નોકરીમાં ધંધો કરનારાઓને સારા કામનું વળતર મળી શકે છે.

કન્યા: વ્યવસાયિક દૃષ્ટિકોણથી સમય સારો છે અને તમારી કાર્યશૈલીની પણ પ્રશંસા કરવામાં આવશે. લાંબા સમય પછી અંગત જીવન વિશે વિચાર કરશો.

તુલા: આજે બહાર ચાલવું અને મનોરંજન તરફ ધ્યાનને મહત્વ આપશો નહીં. બપોરે પૈસાના આગમનથી તમે અન્ય દિવસો કરતા ખુશ થશો.

વૃશ્ચિક: આ દિવસે તમારા મોટાભાગનાં કાર્યો સરળતાથી પૂર્ણ થશે, જેથી તમે ખુશ રહેશો. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે.

ધન: ધાર્મિક કાર્યોમાં થતા ખર્ચ તમારી પ્રસિદ્ધિમાં વધારો કરશે. જો કે આરોગ્યને લગતા કેટલાક મહત્વપૂર્ણ પગલા ભરવા જરૂરી છે.

મકર: વિદ્યાર્થીઓ ઇચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થશે. આજે જીવનમાં રચનાત્મક કાર્યને બદલે પ્રેમ, રોમાંસ અને ભાગ્યને વધુ મહત્વ આપવામાં આવશે.

કુંભ: આ દિવસે કામકાજની બાબતો સિવાય તમારું ધ્યાન આનંદમાં રહેશે નહીં તો તમને એકાંતમાં રહેવું ગમશે. મનમાં સંતોષ જોવા મળશે.

મીન: દિવસની શરૂઆત ચિંતા અને ઉત્તેજનાથી થશે. આ સાથે આરોગ્યની ફરિયાદો પણ થશે. ભાવનાઓમાં ડૂબીને કોઈને પણ તમારા મન વિશે જણાવશો નહીં.

# બગસરામાં પ્રથમ વખત 'જીવનવિદ્યા પરિચય શિબિર'નું સફળ આયોજન માનવ જીવનને

બગસરા,તા.૦૪



બગસરા શહેરમાં જૂના શ્રી સ્વામિનારાયણ મંદિર, કુંકાવાવ નાકા પાસે પ્રથમ વખત ત્રણ દિવસીય "જીવનવિદ્યા પરિચય શિબિર"નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ૧ થી ૩ જૂન ૨૦૨૬ દરમિયાન યોજાયેલી આ શિબિરમાં સુરતના પ્રબોધક જનકભાઈ સાવલિયાએ લોકોને ખૂબ જ સરળ શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિરમાં મુખ્યત્વે જીવનનો મૂળ ઉદ્દેશ્ય, વિશ્વાસપૂર્વક જીવવાનો સાચો માર્ગ, પ્રકૃતિ સાથેનું સંતુલન, સંબંધોની મધુરતા અને બાળકોના સર્વાંગી વિકાસ જેવા મહત્વના વિષયો પર સચોટ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. બગસરા સિનિયર સિટીજન પરિવાર અને સ્થાનિક લોકોએ આ નિ:શુલ્ક શિબિરમાં મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈને જીવન જીવવાની અદ્ભુત કળાનો લાભ લીધો હતો અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# લાખાપાદર ગામે રોટાવેટર નીચે દબાઈ જવાથી યુવકનું મોત

**મૃતકના ભાઈએ ચલાલા પોલીસ સ્ટેશનમાં જાણ કરી**

ચલાલા, તા.૦૪

લાખાપાદર ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. રોટાવેટર નીચે દબાઈ જવાના કારણે એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતને પગલે ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પ્રવિણભાઈ અશ્વિનભાઈ પીલુકીયા (ઉ.વ.૨૨) એ જાહેર કર્યા મુજબ, હમીરભાઈ લાલજીભાઈ પિલુકીયાની લાખાપાદર ગામના પીરદાદા વાળા રસ્તે આવેલ વાડીએ રોટાવેટરની નીચે દબાઈ જવાથી કનુભાઈ અશ્વિનભાઈ પીલુકીયા (ઉ.વ.૩૧) નું મોત થયું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિરાજભાઈ પ્રતાપભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી આઈ.ટી.આઈ. પ્રવેશ પ્રક્રિયા શરૂ

**ધોરણ-૮ પાસથી ગ્રેજ્યુએટ સુધીના ઉમેદવારો આગામી ૨૩ જૂન ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકશે**

અમરેલી,તા.૦૪

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) અમરેલી ખાતે નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જેમાં ધોરણ-૮ પાસથી ગ્રેજ્યુએટ સુધીના ઉમેદવારો આગામી ૨૩ જૂન ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. સરકાર દ્વારા એસ.સી., એસ.ટી., મહિલા, દિવ્યાંગ અને એક્સ-આર્મીમેનના આશ્રિતોને તદ્દન મફત તાલીમ આપવામાં આવશે.

આ ઉપરાંત પી.એમ. નમો લક્ષ્મી યોજના હેઠળ દીકરીઓને કોર્સના સમયગાળા મુજબ રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૪,૦૦૦ સુધીની આર્થિક સહાય મળશે. અહીં ૨ વર્ષનો કોર્સ પૂર્ણ કરનારને ધોરણ ૧૦ કે ૧૨ની સમકક્ષતાનું પ્રમાણપત્ર અને ડિપ્લોમા એન્જિનિયરિંગમાં સીધો પ્રવેશ મળશે તેમજ વિદેશ જવા માટે ઉપયોગી NCVT પ્રમાણપત્ર પણ અપાશે. તાલીમાર્થીઓને માસિક રૂ. ૫૦૦ની શિષ્યવૃત્તિ, એસ.ટી. બસના મફત પાસ અને રૂ. ૪ લાખનું અકસ્માત વીમા કવચ મળશે. અભ્યાસ બાદ પ્લેસમેન્ટ, લોન સહાય અને એપ્રેન્ટિસશીપની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવાશે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ સંસ્થાના વોટ્સએપ નંબર ૯૪૨૯૦ ૯૮૧૯૮ પર દસ્તાવેજો મોકલીને વિનામૂલ્યે ફોર્મ ભરાવી શકશે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા પરિવારોને રાશનકિટનું વિતરણ

ચલાલા,તા.૦૪



ચલાલા ખાતે આવેલા પ્રખ્યાત ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ચલાલા શહેર તેમજ તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે રાશન કીટ વિતરણના સરાહનીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર માનવસેવા પ્રવૃત્તિ ગાયત્રી સંસ્કાર ધામના વડા સંત રતિદાદાના યોગ્ય માર્ગદર્શન અને અમૂલ્ય આશીર્વાદ હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. સંસ્થા દ્વારા વિતરણ કરવામાં આવેલી આ વિશેષ રાશન કીટોમાં દૈનિક જીવનમાં અતિ ઉપયોગી એવા અનાજ, કઠોળ અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જે ગરીબ પરિવારો માટે વર્તમાન સમયમાં ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

## તંત્રી લેખ

# આગ પછી નહીં, આગ પહેલાં જાગવું પડશે

નવી દિલ્હીના માલવીય નગર વિસ્તારમાં આવેલી હોટેલ અને રેસ્ટોરન્ટ ધરાવતી ઈમારતમાં લાગેલી ભયાનક આગે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨૧ લોકોનાં કરુણ મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. આગ એટલી ઝડપથી ફેલાઈ કે ઘણા લોકો પાસે બચવાનો કોઈ માર્ગ જ રહ્યો નહીં. કેટલાક લોકોએ જીવ બચાવવા માટે બારીઓમાંથી કૂદકો મારવો પડ્યો. પ્રાથમિક તપાસમાં આગ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા રેસ્ટોરન્ટમાંથી શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે.

આ ઘટના માત્ર એક અકસ્માત નથી, પરંતુ આપણા શહેરોના વિકાસ મોડેલ, સુરક્ષા પ્રણાલીઓ અને વહીવટી તંત્રની ગંભીર ખામીઓનું પ્રતિબિંબ છે. દરેક મોટી આગ પછી શોક વ્યક્ત કરવામાં આવે છે, તપાસ સમિતિ રચાય છે, જવાબદારો સામે કાર્યવાહી કરવાની જાહેરાત થાય છે, પરંતુ થોડા સમય પછી બધું ભૂલી જવાય છે. પરિણામે આવી દુર્ઘટનાઓ ફરી ફરી સર્જાય છે.

વિકાસની દોડમાં સુરક્ષાની અવગણના કરવામાં આવે છે.ભારતના મોટા શહેરોમાં વ્યાપારી પ્રવૃત્તિઓ ઝડપથી વધી રહી છે. રહેણાંક ઈમારતોને હોટેલ, ગેસ્ટહાઉસ, કોચિંગ સેન્ટર કે રેસ્ટોરન્ટમાં ફેરવવાનો ટ્રેન્ડ વધ્યો છે. ઘણી જગ્યાએ મૂળ ઈમારતની ક્ષમતા કરતાં વધુ માળ બાંધવામાં આવે છે. વીજળીના વધતા લોડ, એરકન્ડિશનિંગ સિસ્ટમો અને ગેસ કનેક્શન માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવતી નથી.

ઘણી વખત ફાયર એનઓસી મેળવ્યા પછી વર્ષો સુધી કોઈ પુનઃતપાસ થતી નથી. ઈમારતોમાં ફેરફારો કરવામાં આવે છે, વધારાના રૂમ બનાવવામાં આવે છે, બહાર નીકળવાના માર્ગો બંધ કરી દેવામાં આવે છે અને જ્વલનશીલ સામગ્રીનો ભરમાર કરવામાં આવે છે. જ્યારે દુર્ઘટના બને છે ત્યારે જાણવા મળે છે કે નિયમોનું પાલન જ થતું નહોતું.

દિલ્હીના રાજ્યપાલે આ દુર્ઘટના પછી એક મહિનાનું વિશેષ ફાયર સેફ્ટી અભિયાન ચલાવવાનો આદેશ આપ્યો છે, પરંતુ સાચી જરૂરિયાતકાયમી અને કડક અમલવારીની છે. આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે સૌથી પહેલાં દેશભરના તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, હોસ્પિટલ, શાળા, કોચિંગ ક્લાસ અને મોલનું ફરજિયાત વાર્ષિક ફાયર ઓડિટ થવું જોઈએ. ઓડિટનો અહેવાલ જાહેર પોર્ટલ પર મૂકવો જોઈએ જેથી સામાન્ય નાગરિક પણ જાણી શકે કે જે ઈમારતમાં તે જાય છે તે સુરક્ષિત છે કે નહીં. દરેક વ્યાપારી ઈમારતમાં ઓટોમેટિક ફાયર એલાર્મ અને સ્પ્રિંકલર સિસ્ટમ ફરજિયાત હોવી જોઈએ. આગ શરૂ થતાં જ પાણીનો છંટકાવ શરૂ થાય તો મોટી જાનહાનિ અટકાવી શકાય છે.ઈમરજન્સી એક્ઝિટ અને ફાયર સીડીઓ પર કોઈપણ પ્રકારનું અવરોધ ન હોવું જોઈએ. આ નિયમનું ઉલ્લંઘન કરનાર સામે ભારે દંડ અને લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી થવી જોઈએ.

આગની જ્વાળાઓ ઓલવાઈ ગઈ છે, પરંતુ તે આપણને એક કડવો પાઠ આપી ગઈ છે-સુરક્ષા કોઈ વૈકલ્પિક સુવિધા નથી, તે જીવનની અનિવાર્ય શરત છે.

# આગની આપત્તિ સામે સજ્જ સમાજની જરૂર

સ્મોક ડિટેક્ટર અને હીટ સેન્સર આગ સલામતીનું સૌથી અસરકારક સાધન ગણાય છે. આ ઉપકરણો હવામાં ધુમાડો અથવા અસામાન્ય ગરમી અનુભવતા જ એલાર્મ વગાડે છે, જેના કારણે લોકો સમયસર સ્થળ ખાલી કરી શકે છે. મોટા મોલ, હોટેલ, હોસ્પિટલ અને રહેણાંક ઈમારતોમાં આ સિસ્ટમ ફરજિયાત હોવી જોઈએ.

ઓટોમેટિક સ્પ્રિંકલર સિસ્ટમ પણ અગત્યની છે. આગ લાગતાં જ સ્પ્રિંકલર આપોઆપ પાણીનો છંટકાવ શરૂ કરે છે અને આગને શરૂઆતના તબક્કામાં જ નિયંત્રિત કરે છે. સંશોધનો દર્શાવે છે કે આવી સિસ્ટમ આગથી થતી જાનહાનિમાં નોંધપાત્ર ઘટાડો કરે છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) આધારિત સ્માર્ટ ફાયર સેફ્ટી સિસ્ટમો હવે ઝડપથી લોકપ્રિય બની રહી છે. આ સિસ્ટમો વીજળીના વાયરિંગ, ગેસ લાઈન અને મશીનોનું સતત નિરીક્ષણ કરે છે. કોઈ ખામી જણાય તો તરત જ મોબાઈલ અથવા કંટ્રોલ રૂમમાં સંદેશ મોકલે છે.

ફાયર-રેઝિસ્ટન્ટ બાંધકામ સામગ્રીનો ઉપયોગ પણ અત્યંત જરૂરી છે. આગ પ્રતિરોધક દરવાજા, દિવાલો અને કેબલિંગ આગના ફેલાવાને ધીમું કરે છે, જેના કારણે બચાવ કામગીરી માટે વધુ સમય મળે છે.

આ ઉપરાંત નિયમિત ફાયર ઓડિટ, મોક ડ્રિલ અને કર્મચારીઓની તાલીમ પણ વૈજ્ઞાનિક અભિગમનો મહત્વપૂર્ણ ભાગ છે. ટેકનોલોજી અને જાગૃતિના સમન્વય દ્વારા જ આગ જેવી દુર્ઘટનાઓને અસરકારક રીતે અટકાવી શકાય છે. આગ સામેની સાચી સુરક્ષા માત્ર સાધનોમાં નહીં, પરંતુ તેમની યોગ્ય જાળવણી અને ઉપયોગમાં રહેલી છે.

તાજેતરના વર્ષોમાં દેશના વિવિધ શહેરોમાં આગની ભયાનક દુર્ઘટનાઓ વારંવાર બનતી રહી છે. દિલ્હી, મુંબઈ, અમદાવાદ, સુરત, રાજકોટ કે અન્ય શહેરોમાં બનેલી આગની ઘટનાઓએ અનેક નિર્દોષ લોકોના જીવ લીધા છે. દરેક દુર્ઘટના પછી સરકારો સતર્ક બને છે, તપાસ સમિતિઓ રચાય છે, નિયમો વધુ કડક બનાવવાની જાહેરાત થાય છે અને સુરક્ષા અભિયાનો હાથ ધરવામાં આવે છે. તેમ છતાં થોડા સમય બાદ ફરી કોઈક જગ્યાએ આગ લાગવાની ઘટના સામે આવે છે. પ્રશ્ન એ છે કે જ્યારે નિયમો, કાયદાઓ અને સુરક્ષા વ્યવસ્થાઓ પહેલેથી જ અસ્તિત્વમાં છે, ત્યારે આવી દુર્ઘટનાઓ વારંવાર શા માટે બને છે?

આ સમસ્યાનું મૂળ કારણ માત્ર આગ લાગવી નથી, પરંતુ



આગ પ્રત્યેની આપણી માનસિકતા છે. મોટાભાગના લોકો અને સંસ્થાઓ આગ સલામતીને ખર્ચ સમજે છે, રોકાણ નહીં. ફાયર એક્સટિંગ્વિશર, સ્મોક ડિટેક્ટર, સ્પ્રિંકલર સિસ્ટમ અને ઈમરજન્સી એક્ઝિટ જેવી વ્યવસ્થાઓ ઘણી જગ્યાએ માત્ર કાયદાકીય ઔપચારિકતા પૂરતી જ સ્થાપિત કરવામાં આવે છે. તેમની નિયમિત ચકાસણી થતી નથી અને કર્મચારીઓને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ પણ આપવામાં આવતી નથી.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હાલમાં સરકારો દ્વારા ફાયર ઓડિટ, ફાયર એનઓસી, મોક ડ્રિલ, ઈમરજન્સી એક્ઝિટ અને સ્પ્રિંકલર સિસ્ટમ જેવી અનેક વ્યવસ્થાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. છતાં આ પગલાંઓની અસર મર્યાદિત રહે છે કારણ કે નિયમોનો અમલ સતત અને કડક રીતે થતો નથી. ઘણી ઈમારતોમાં એક વખત મંજૂરી મેળવ્યા પછી વર્ષો સુધી કોઈ પુનઃતપાસ થતી નથી. દરમિયાન ઈમારતમાં ફેરફારો કરવામાં આવે છે, વધારાના રૂમ બનાવવામાં આવે છે, બહાર નીકળવાના રસ્તાઓ અવરોધિત થાય છે અને વીજળીના ભારમાં વધારો થાય છે. પરિણામે સુરક્ષા ધોરણો માત્ર કાગળ પર જ રહી જાય છે.

શહેરોના અનિયોજિત વિકાસ પણ આગની દુર્ઘટનાઓનું મોટું કારણ છે. ઘણી જગ્યાએ સાંકડા રસ્તા, ગેરકાયદેસર બાંધકામ અને વાહનોના દબાણને કારણે ફાયર બ્રિગેડ સમયસર ઘટનાસ્થળે પહોંચી શકતી નથી. આગ લાગ્યા પછીની પ્રથમ દસ મિનિટ સૌથી નિર્ણાયક ગણાય છે. જો આ સમયગાળામાં અસરકારક કાર્યવાહી ન થાય તો જાનહાનિનું પ્રમાણ અનેકગણું વધી શકે છે.

આ સમસ્યાના સ્થાયી ઉકેલ માટે માત્ર નિયમો પૂરતા નથી. સમગ્ર વ્યવસ્થામાં મૂળભૂત પરિવર્તનની જરૂર છે. સૌપ્રથમ દેશની તમામ વ્યાપારી, શૈક્ષણિક અને જાહેર ઈમારતો માટે ડિજિટલ ફાયર સેફ્ટી રજિસ્ટર તૈયાર થવું જોઈએ. તેમાં ફાયર ઓડિટ, સાધનોની સ્થિતિ અને ઈમરજન્સી વ્યવસ્થાની માહિતી ઓનલાઈન ઉપલબ્ધ હોવી જોઈએ. જે સંસ્થાઓ સમયસર ઓડિટ ન કરાવે તેમની સામે આપોઆપ કાર્યવાહી શરૂ થવી જોઈએ.

દરેક શહેરમાં ફાયર સેફ્ટી માટે સ્વતંત્ર નિરીક્ષણ તંત્ર રચવાની જરૂર છે. હાલમાં ઘણી જગ્યાએ નિરીક્ષણ અને મંજૂરીની પ્રક્રિયા એક જ તંત્રના હાથમાં હોવાથી પારદર્શિતાનો અભાવ રહે છે. સ્વતંત્ર એજન્સીઓ દ્વારા અચાનક ચકાસણીઓ કરવામાં આવે તો નિયમોનું પાલન વધુ અસરકારક બની શકે.

શાળાઓ અને કોલેજોમાં આગ સલામતીને અભ્યાસક્રમનો ભાગ બનાવવો જોઈએ. બાળકોને શરૂઆતથી જ ઈમરજન્સી પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું તેની તાલીમ આપવામાં આવે તો ભવિષ્યમાં સમગ્ર સમાજ વધુ સજ્જ બની શકે. સાથે સાથે હોટેલ, મોલ, હોસ્પિટલ અને ઉદ્યોગોમાં કામ કરતા દરેક કર્મચારી માટે વાર્ષિક તાલીમ ફરજિયાત બનાવવી જોઈએ.


નવી ઈમારતોના નકશા મંજૂર કરતી વખતે ફાયર સેફ્ટીને કેન્દ્રસ્થાને રાખવી જરૂરી છે. માત્ર પાર્કિંગ અને બાંધકામની મંજૂરી પૂરતી નથી. ઈમારતમાં આગ લાગવાની સંભાવનાઓ અને બચાવ વ્યવસ્થાનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન પણ ફરજિયાત થવું જોઈએ. જૂની ઈમારતો માટે વિશેષ સુધારણા યોજના અમલમાં મૂકવી જોઈએ જેથી આધુનિક સુરક્ષા સાધનો સ્થાપિત કરી શકાય.

જવાબદારી નિશ્ચિત કરવી પણ એટલી જ જરૂરી છે. આગની ઘટના બને ત્યારે માત્ર ઈમારતના માલિકને દોષી ઠેરવવાથી સમસ્યા હલ થતી નથી. જો નિયમોના ઉલ્લંઘન છતાં મંજૂરી આપવામાં આવી હોય અથવા સમયસર તપાસ ન કરવામાં આવી હોય તો સંબંધિત અધિકારીઓ સામે પણ કડક કાર્યવાહી થવી જોઈએ. જવાબદારીની સ્પષ્ટ વ્યવસ્થા જ બેદરકારીને અટકાવી શકે છે.

આગની દુર્ઘટનાઓ કુદરતી આપત્તિ નથી; મોટા ભાગે તે માનવસર્જિત બેદરકારીનું પરિણામ હોય છે. તેથી તેનો ઉકેલ પણ માનવસર્જિત જ હોઈ શકે. કડક અમલવારી, આધુનિક ટેકનોલોજી, સતત તાલીમ, પારદર્શિતા અને જવાબદારીના સિધ્ધાંતોને કેન્દ્રમાં રાખીને જ આગ જેવી દુર્ઘટનાઓને અસરકારક રીતે અટકાવી શકાય છે. આજની જરૂરિયાત માત્ર આગ લાગ્યા પછી બચાવ કામગીરી કરવાની નથી, પરંતુ આગ લાગવાની સંભાવનાને જ શક્ય તેટલી ઓછી બનાવવાની છે. જ્યારે સુરક્ષાને ખર્ચ નહીં પરંતુ જીવન બચાવવાના રોકાણ તરીકે જોવામાં આવશે, ત્યારે જ આવી દુઃખદ ઘટનાઓમાં સાચો ઘટાડો જોવા મળશે.

**આગ સામે સલામતીના વૈજ્ઞાનિક ઉપાયો.આગની દુર્ઘટનાઓને અટકાવવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરંપરાગત આગ બુઝાવવાની પદ્ધતિઓની સાથે હવે અનેક વૈજ્ઞાનિક ઉપાયો વિકસાવવામાં આવ્યા છે, જે આગની શરૂઆત થતાં જ ચેતવણી આપી જાનમાલનું નુકસાન ઘટાડી શકે છે.**

## શબ્દ સંજોગ-૨૨૦૯



**આડી ચાવી :**
(૧) મરાઠી ભાષાની હાથે લખાતી લિપિ (૨)
(૨) એક માટીનું વાસણ (૩)
(૪) નિશાનીની લીટી (૨)
(૬) રૂપિયા ભાર (૨)
(૭) વૃંદાવનમાં આવેલો એક ડુંગર (૪)
(૯) કાપાકાપી, ખૂનરેજી (૩)
(૧૨) ચાલીસ સેરનું તોલ (૨)
(૧૩) આનંદ માનતુ, લીન (૪)
(૧૬) એક ફૂલ, ચંપો (૩)
(૧૮) ગણતરીમાં લેવાતા રહી ગયેલુ (૨)
(૧૯) ખ્રિસ્ત્રીઓનુ દેવળ (૨)
(૨૦) વરને ખવડાવાતો કંસાર (૩)
(૨૨) મુખ્ય માણસ (૩)
(૨૬) એક સંખ્યા (૨)
(૨૭) એક ઓજાર (૩)
(૨૯) ખ્યાલ, છાપ (૨)
(૩૦) શુધ્ધ સોનું (૩)
(૩૧) રસોઈ કરવાની જગ્યા (૩)

**ઊભી ચાવી :**
(૧) ચોર (૩)
(૨) એક આયુધ (૨)
(૩) નવરો માણસ (૨)
(૪) રસોઈ કરવા મૂકેલુ ગરમ પાણી (૩)
(૫) ....ફળ એટલે રતાળુ (૨)
(૬) વજન કરવાનું કાટલુ (૨)
(૮) પતિ, કાંત (૩)
(૧૦) એકદમ મારેલી ઝૂંટ (૩)
(૧૧) આ કાશ, નભ (૨)
(૧૪) રાતો મણિ (૩)
(૧૫) કયા યહી પ્યાર હે...આ ગીત કઈ ફિલ્મનું(૨)
(૧૬) શિવ અને મહાદેવ (૪)
(૧૭) ફેંકી દેવાતી વસ્તુ (૩)
(૧૮) બાર વર્ષે....... બોલ્યો (૨)
(૨૧) દહીની એક બનાવટ (૨)
(૨૩) જાડો રોટલો (૩)
(૨૪) અનાજ, ધાન્ય (૨)
(૨૫) પોતીકુ, અંગત (૨)
(૨૭) શરીરનો એક અવયવ (૨)
(૨૮) અંગ્રેજી રાજયમાં અપાતો ઈલકાબ (૨)
(૨૯) કોઈ વસ્તુ વાપર્યા બદલ આપવાનું નાણુ (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૮ જવાબ

**આડી ચાવી:** (૧)આસન (૩) રાજકોટ (૬) વહેણ (૭) પકોડી (૮) સવાલ (૧૦) કીર (૧૨) નર (૧૪) સાન (૧૭) સલાહ (૧૯) લોકમત (૨૩) શોધ (૨૪) કમાણી (૨૬) રમી (૨૭) રામ (૨૯) સ્ત્રાવ (૩૦) બતક (૩૧) પરબ (૩૨) તમાલ. **ઊભી ચાવી:** (૧) આશ્વાસન (૨) નવલ (૩) રાણકી (૪) કોપ (૫) ટકોર (૯) વારસ (૧૧) રસાલો (૧૩) શાહ (૧૫) નકશો (૧૬) વેંત (૧૮) લાવણી (૨૦) મધરાત (૨૧) છેક (૨૨) કરવત (૨૫) માર્જાર (૨૮) મકતો (૩૦) બલ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૮૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૪૪ |
| જુવાર સફેદ | ૧૦૦૦ | ૧૧૩૧ |
| જુવાર લાલ | ૮૬૦ | ૯૬૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૫૦ |
| બાજરી | ૩૫૦ | ૪૩૭ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૨ |
| ચણા પીળા | ૧૧૦૫ | ૧૧૯૦ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૭૦૦ |
| અડદ | ૧૩૧૦ | ૧૬૧૩ |
| મગ | ૧૨૭૫ | ૧૭૬૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૦૪૪ |
| ચોળી | ૮૮૦ | ૧૫૨૧ |
| વટાણા | ૬૦૦ | ૯૬૪ |
| કળથી | ૩૫૦ | ૪૬૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૪૯૫ | ૧૮૧૬ |
| મગફળી જાડી | ૧૧૭૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૨૩૦ | ૧૭૨૦ |
| તલી | ૧૮૦૦ | ૨૪૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૨૩ |
| અજમો | ૧૪૬૦ | ૧૮૮૦ |
| સુવા | ૧૩૧૫ | ૧૩૮૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૫૦ |
| સીંગફાડા | ૧૨૬૦ | ૧૭૨૫ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૪૯૫ |
| લસણ | ૧૧૦૦ | ૨૧૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ધાણી | ૨૧૩૦ | ૨૫૦૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૧૫ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૯૯૦ |
| રાય | ૧૨૫૦ | ૧૭૦૫ |
| મેથી | ૧૧૫૦ | ૧૯૧૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૩૦ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૪૫૦ |
| રાયડો | ૧૧૯૦ | ૧૩૯૦ |
| રજકાનું બી | ૫૩૦૦ | ૭૮૮૦ |
| ગુવારનું બી | ૧૦૮૦ | ૧૧૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૨૭ | ૬૦૮ |
| લીંબુ | ૭૧૯ | ૧૪૨૨ |
| સાકરટેટી | ૧૦૭ | ૨૩૯ |
| તરબુચ | ૧૦૨ | ૨૧૮ |
| પપૈયા | ૯૧ | ૧૭૭ |
| બટેટા | ૧૦૬ | ૨૮૧ |
| ડુંગળી સુકી | ૯૧ | ૩૮૫ |
| ટમેટા | ૪૧૨ | ૭૮૮ |
| સુરણ | ૮૧૩ | ૧૦૩૧ |
| કોથમરી | ૬૫૯ | ૮૯૧ |
| રીંગણા | ૧૪૩ | ૨૫૮ |
| કોબીજ | ૮૫ | ૧૭૬ |
| ફ્લાવર | ૩૨૩ | ૬૧૯ |
| ભીંડો | ૨૪૮ | ૫૩૨ |
| ગુવાર | ૩૩૬ | ૯૫૧ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૪૨૩ | ૬૩૨ |
| ટીંડોળા | ૪૦૩ | ૮૬૮ |
| દુધી | ૧૩૩ | ૨૨૬ |
| કારેલા | ૩૦૭ | ૫૫૫ |
| સરગવો | ૨૫૨ | ૫૫૬ |
| તુરીયા | ૫૦૨ | ૭૧૮ |
| પરવર | ૫૧૧ | ૭૨૪ |
| કાકડી | ૩૮૩ | ૬૧૨ |
| ગાજર | ૩૧૧ | ૪૬૯ |
| વટાણા | ૧૦૩૬ | ૧૫૮૮ |
| ગલકા | ૧૫૬ | ૨૯૩ |
| બીટ | ૧૫૫ | ૨૯૨ |
| મેથી | ૮૦૫ | ૧૦૩૭ |
| ડુંગળી લીલી | ૮૧૭ | ૧૧૫૬ |
| આદુ | ૧૫૩૪ | ૧૭૫૬ |
| મરચા લીલા | ૫૧૨ | ૭૨૪ |
| મકાઇ લીલી | ૨૨૫ | ૪૮૩ |
| ગુંદા | ૨૧૩ | ૪૨૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૮૨૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૬૫૨ |
| સિંગદાણા જાડા | ૧૭૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૮૧ | ૧૩૩૧ |
| જીરૂ | ૨૯૫૧ | ૪૧૨૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૩૭૧ |
| ધાણા | ૧૬૫૧ | ૨૫૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૨૦૧ | ૪૭૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૫૫૧ |
| ડુંગળી લાલ | ૮૬ | ૪૧૬ |
| અડદ | ૭૦૦ | ૧૬૪૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૨૧ |
| રાયડો | ૧૨૯૧ | ૧૩૪૧ |
| રાય | ૧૬૩૧ | ૧૬૮૧ |
| મેથી | ૯૭૬ | ૧૩૩૧ |
| કાંગ | ૨૦૦ | ૫૫૧ |
| સફેદ ચણા | ૧૦૬૧ | ૧૬૨૧ |
| તલ - તલી | ૧૯૨૬ | ૨૪૪૧ |
| ધાણી | ૧૭૫૧ | ૨૭૩૧ |
| બાજરો | ૪૩૧ | ૪૩૧ |
| જુવાર | ૩૮૧ | ૧૦૨૧ |
| મકાઇ | ૨૧૧ | ૪૪૧ |
| મગ | ૧૦૭૧ | ૧૮૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૬ |
| વાલ | ૩૦૧ | ૮૦૧ |
| વાલ પાપડી | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ચોળા / ચોળી | ૯૦૧ | ૧૪૬૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૬૩૧ |
| અરીઠા | ૬૭૬ | ૬૭૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૩૫૧ | ૬૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૯૮૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૧૬૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૨ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| હૃદ્દિ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૨૫ | ૧૩૨૫ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૨૫ |
| શિંગદાણા | ૧૬૦૦ | ૧૮૩૫ |
| શિંગદાણા ફાડા | ૧૪૩૦ | ૧૭૬૫ |
| તલ સફેદ | ૧૨૩૦ | ૨૫૧૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૧૫ |
| તલ કાશમીરી | ૨૨૬૫ | ૨૨૬૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૦૦ |
| મકાઈ | ૨૮૫ | ૪૪૦ |
| ચણા | ૮૫૫ | ૧૧૬૫ |
| સફેદ ચણા | ૧૦૭૫ | ૧૧૮૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૨૫ |
| કપાસ | ૧૦૪૫ | ૧૮૩૫ |
| એરંડા | ૧૦૫૫ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૧૫૦ | ૩૪૨૫ |
| રાયડો | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૪૯૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૧૦૪૦ | ૧૪૦૦ |
| કાંગ | ૪૮૦ | ૫૦૦ |
| વરીયાળી | ૧૩૨૦ | ૧૪૪૦ |
| રજકાનું બી | ૬૫૩૦ | ૬૫૩૦ |
| છોલે ચણા | ૧૦૦૫ | ૧૪૦૦ |
| ચણા દેશી | ૧૦૩૫ | ૧૧૧૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૧૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૫૫૦ | ૬૨૦ |
| ટમેટાં | ૬૧૦ | ૭૫૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૫૦ | ૬૦૦ |
| ગલકા | ૩૨૦ | ૩૬૦ |
| કાચી કેરી | ૬૫૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૪૫૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| પાકી કેરી | ૭૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| ચોળા લીલા | ૬૫૦ | ૭૨૦ |
| તુરીયા | ૬૩૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૭૦ | ૭૦૦ |
| બીટ | ૩૭૦ | ૪૭૦ |
| સરગવો | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૮૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૪૫૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૨૦૫૦ |
| પાલક | ૫૩૦ | ૬૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૩૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| ગરમર | ૮૦૦ | ૯૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૮૫ |
| શીંગ મોટી | ૧૨૩૦ | ૧૪૧૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૮૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૫૫૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૭૦૧ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૪૮૮ |
| બાજરો | ૩૨૦ | ૫૧૦ |
| જુવાર | ૬૫૦ | ૧૦૮૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૭૫ |
| દેશી ચણા | ૧૦૩૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૯૦ |
| મગ | ૧૪૫૦ | ૧૬૪૦ |
| મકાઈ | ૩૦૦ | ૫૨૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| મગફળી | ૧૦૨૦ | ૧૨૨૫ |
| ઘઉં લ | ૪૦૦ | ૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૬ |
| ધાણા | ૧૫૭૦ | ૨૦૨૧ |
| મગ | ૧૩૦૦ | ૧૫૭૬ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૨૬૦ | ૨૭૦ |
| જુવાર | ૯૦૧ | ૯૦૧ |
| એરંડા | ૧૨૩૦ | ૧૨૫૦ |
| ચોળી | ૬૦૧ | ૮૦૫ |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| શીંગ ફાડા | ૧૬૩૧ | ૧૬૩૧ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૩૦ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૪૫૬ |
| ચણા | ૯૪૦ | ૧૧૨૫ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૧૦ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૨૦ |
| ચણા સફેદ | ૯૨૦ | ૯૨૦ |
| તલ સફેદ | ૧૮૫૫ | ૨૨૭૦ |
| ઘઉં ટુકડા | ૪૪૭ | ૪૫૪ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| જુવાર | ૪૧૫ | ૮૭૧ |
| મગ | ૧૧૦૦ | ૧૬૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૨૦ | ૧૮૮૨ |
| કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૫૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૨૮૧૦ | ૩૭૭૦ |
| ચણા | ૧૧૪૧ | ૧૧૫૯ |
| ઘઉં | ૪૬૦ | ૫૨૦ |
| મગ | ૧૩૩૦ | ૧૫૬૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૪૧ | ૧૭૮૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૪ |
| ચણા | ૮૦૧ | ૧૧૪૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૩૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૩૬ |
| મગફળી | ૭૫૧ | ૧૪૨૬ |
| જીરૂ | ૩૩૯૧ | ૩૩૯૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૨૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૭૬ |
| લસણ | ૧૦૨૧ | ૧૦૨૧ |
| મેથી | ૫૦૧ | ૧૧૪૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૭૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૦૧ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૧૮૫૧ |
| શિંગફાડા | ૧૨૦૧ | ૧૭૧૧ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૦૪૦ | ૧૬૫૨ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૧૭૦ | ૧૫૯૨ |
| શીંગ ગીરનાર | ૧૨૦૧ | ૧૨૮૯ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૩૦૭ |
| એરંડા | ૬૪૦ | ૧૩૦૦ |
| અડદ | ૮૭૦ | ૧૫૭૯ |
| મગ | ૯૦૧ | ૧૬૯૧ |
| ધાણા | ૨૧૧૦ | ૨૧૭૫ |
| ચણા | ૫૭૫ | ૧૧૭૯ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૫૭૫ |

| | | |
|---|---|---|
| તુવેર | ૮૦૦ | ૧૩૩૨ |
| ડુંગળી લાલ | ૬૦ | ૪૭૬ |
| ડુંગળી સફેદ | ૨૪૭ | ૩૪૩ |
| નાળીયેર | ૩૫૦ | ૨૨૭૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૧૦ | ૪૮૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| જુવાર | ૭૮૦ | ૧૦૨૫ |
| અડદ | ૧૫૭૦ | ૧૬૫૮ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૩૨ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૯૯ |
| રજકો | ૪૦૦૦ | ૬૦૦૦ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૫૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૬૯૪ |
| ચોળી | ૮૫૦ | ૧૬૦૦૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૦૦ | ૫૫૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૫૮ |
| મગ | ૧૪૨૫ | ૧૭૩૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૭૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૪૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૫૫ |
| એરંડા | ૮૫૦ | ૧૨૫૮ |
| તલ | ૧૫૦૦ | ૨૪૨૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૮૦ |
| રાઈ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| લસણ | ૮૭૫ | ૧૯૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૮૨૦ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૭૫૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૨૦૦ |
| અજમાની ભૂસી | ૬૦ | ૨૬૮૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૫૬૫ |
| ધાણી | ૧૭૦૦ | ૨૬૩૫ |
| ડુંગળી સૂકી | ૪૫ | ૩૮૦ |
| વટાણા | ૪૫૫ | ૭૪૫ |
| રાજમા | ૬૧૦ | ૧૬૮૫ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૨૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૮૩ |
| કપાસ | ૧૩૯૧ | ૧૮૪૬ |
| બાજરો | ૩૨૫ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૩૮૬ | ૪૮૦ |
| જુવાર | ૯૦૦ | ૧૦૬૫ |
| મગ | ૮૦૦ | ૧૬૫૧ |
| તુવેર | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૦૫૧ | ૨૦૫૧ |
| મેથી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૨૫૧ |
| રાય | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૫૪૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા આયોજિત ૧૬૨માં 'વિચારોનું વાવેતર' કાર્યક્રમમાં અમરેલીના ડો. જીતેન્દ્ર ટી. પટેલ દ્વારા**

# આરોગ્ય અને હોમિયોપેથી વિષય પર માર્ગદર્શન અપાયું

**'વિચારોના વાવેતર' કાર્યક્રમને લંડનની 'ધી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડઝ'માં સ્થાન મળ્યું**







સુરત,તા.૦૪

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા આયોજિત ૧૬૨મા 'વિચારોનું વાવેતર' કાર્યક્રમમાં આરોગ્ય અને હોમિયોપેથી વિષય પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે માનવ શરીર એક અદ્ભુત કેમિકલ ફેક્ટરી છે, જેના પર આપણા વિચારો અને લાગણીઓની સીધી અસર થાય છે. તેમણે સારવાર પધ્ધતિઓનો તફાવત સમજાવતા કહ્યું કે એલોપેથી લક્ષણોની, આયુર્વેદ મૂળ કારણની અને હોમ્યોપેથી દર્દીની મનોસ્થિતિ તેમજ વૈચારિક કારણોની સારવાર કરે છે. આધુનિક શાસ્ત્રો અનુસાર આપણા શરીરમાં અન્નમય, મનમય, પ્રાણામય, બુધ્ધિમય અને આનંદમય જેવા પાંચ કોષો રહેલા છે. કાનજીભાઈએ તંદુરસ્ત રહેવા માટે ઊંઘ, પાણી, સંતુલિત ખોરાક, શ્વાસનું નિયમન અને હકારાત્મક વિચારો જેવા પાંચ પગલાંનો અમલ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો.અમરેલીના જાણીતા હોમ્યોપેથીક તબીબ ડૉ. જીતેન્દ્ર ટી. પટેલે જણાવ્યું કે હોમ્યોપેથી માત્ર શરીરની નહીં પણ સમગ્ર માણસની સારવાર કરીને કાયમી પરિણામ આપે છે. તેમણે જર્મનીના ડૉ. સેમ્યુઅલ હેનિમેન અને તેમના પુસ્તકનો સંદર્ભ આપીને જણાવ્યું કે રોગ કરતાં રોગીને સમજવો વધુ જરૂરી છે. આ કાર્યક્રમ દરમિયાન એક ગૌરવપૂર્ણ જાહેરાત પણ કરવામાં આવી હતી કે છેલ્લા ૧૬૧ ગુરૂવારથી નિયમિત ચાલતા આ 'વિચારોના વાવેતર' કાર્યક્રમને લંડનની 'ધી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડઝ'માં સ્થાન મળ્યું છે, જેનું પ્રમાણપત્ર સંસ્થાના હોદ્દેદારો અને ટીમ પરિવારને એનાયત કરવામાં આવ્યું હતું.

# ગીરગઢડાના નગડિયા ગામ નજીક કારચાલકે બાઈકને હડફેટે લેતા બે મિત્રોના મોત

ઉના,તા.૦૪



તસવીર : કૈલેશ ભટ્ટ

ગીર ગઢડા તાલુકાના નગડિયા ગામ નજીક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ધોકડવા પેટ્રોલ પંપ પરથી નોકરી પૂરી કરીને બાઈક દ્વારા જસાધાર પોતાના ઘરે પરત ફરી રહેલા બે આશાસ્પદ યુવાન મિત્રોના આ અકસ્માતમાં કરુણ મોત નીપજ્યા છે. જસાધાર ગામના રહેવાસી મયુરભાઈ મેર અને સિરાજભાઈ મુસાભાઈ ધોકડવા ગામે પેટ્રોલ પંપ પર સાથે નોકરી કરતા હતા. રોજિંદા ક્રમ મુજબ ગત રાત્રે પોતાની ફરજ પૂરી કરીને બંને મિત્રો બાઈક પર સવાર થઈને પોતાના ગામ જવા નીકળ્યા હતા.તેઓ જ્યારે નગડિયા ગામની સીમ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક અજાણી કારે તેમના મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. પ્રચંડ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે મયુરભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા સિરાજભાઈને વધુ સારવાર માટે જૂનાગઢ રિફર કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે પણ દમ તોડ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પોલીસે ફરાર કાર ચાલક વિરુધ્ધ ગુનો નોંધી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અમરેલી નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા: ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ અને જનહિતના નિર્ણયો

અમરેલી, તા.૦૪



અમરેલી નગરપાલિકામાં ભાજપની નવનિર્મિત બોડીએ સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાના અધ્યક્ષ સ્થાને પ્રથમ સામાન્ય સભા યોજાઈ હતી. કુલ ૪૪ સદસ્યોમાંથી સ્પષ્ટ બહુમતી ધરાવતી આ નૂતન સમિતિએ પ્રજાલક્ષી કાર્યોને વેગ આપવા મહત્વના નિર્ણયો કર્યા છે. શહેરીજનો ઘરબેઠા પોતાની ફરિયાદો સરળતાથી નોંધાવી શકે તે માટે ખાસ વોટ્સએપ ગ્રુપ આધારિત નવી સુવિધા શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, આગામી ચોમાસાને ધ્યાને રાખીને પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરવા, ૫૦ કિલોમીટર સુધી શબવાહિની સેવા કાર્યરત કરવા, મહિલાઓ માટે પિંક ટોયલેટ બનાવવા અને ગરીબો માટે આવાસ યોજના જેવા ૧૧ જેટલા લોકાભિમુખ કામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. વણથંભી વિકાસયાત્રાને ગતિ આપવાની સાથે પાલિકામાં ફરજ બજાવતા લાંચિયા તેમજ ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓને તાત્કાલિક ઘરભેગા કરવાનો એક મક્કમ અને ઐતિહાસિક નિર્ણય પણ આ સભામાં લેવામાં આવ્યો હતો.

# ગુજરાતમાંથી રાજ્યસભા માટે ચાર ઉમેદવારોના નામ જાહેર કરાયા

ગાંધીનગર,તા.૦૪

ભાજપ દ્વારા ગુજરાતમાંથી રાજ્યસભાના ચાર ઉમેદવારોના નામ જાહેર કરાતા જ રાજકીય ગરમાવો આવી ગયો છે. ચૂંટણીને લઈને ભાજપે પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે. મુખ્યમંત્રીના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને ટૂંક સમયમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે, જેમાં પ્રદેશ પ્રમુખ પણ ખાસ ઉપસ્થિત રહી વ્યૂહરચના અંગે ચર્ચા કરશે. આ દરમિયાન પક્ષ દ્વારા તમામ ધારાસભ્યોને ગાંધીનગર ન છોડવા માટે કડક સૂચના આપવામાં આવી છે. આગામી સોમવારે ભાજપના તમામ ચારેય ઉમેદવારો વિજય મુહૂર્તમાં પોતાના ઉમેદવારીપત્રો દાખલ કરશે. આ જાહેર કરાયેલા ઉમેદવારોમાં પૂર્વ ધારાસભ્ય મેઘજી કણઝારીયાના પુત્ર જીતેન્દ્ર કણઝારીયા અને પૂર્વ સક્રિય પત્રકાર રાજુ શુક્લનો સમાવેશ થાય છે, જેમણે તાજેતરમાં જ બાયપાસ સર્જરી કરાવી છે.

# લીલીયા પોલીસે સીમ વિસ્તારમાં વાયર ચોરી કરનાર શખ્સને ઝડપી પાડ્યો

લીલીયા,તા.૦૪



લીલીયા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. સાળુંકેના માર્ગદર્શન હેઠળ બીટ ઈન્ચાર્જ અને સર્વેલન્સ ટીમે ટેકનિકલ સોર્સ તથા ખાનગી બાતમીના આધારે સીમ વાડી-ખેતરોમાં થયેલી કેબલ ચોરીનો ભેદ ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસ ટીમ દ્વારા લીલીયા વિસ્તારના ખારા ગામથી સનાળીયા ગામ તરફ જવાના રસ્તા પર આવેલી અલગ-અલગ વાડીઓમાંથી કોપર વાયરની ચોરી કરનાર શાતિર આરોપીને ગણતરીના દિવસોમાં જ ઝડપી પાડવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી બેચરભાઈ ઉર્ફે ભોડીયો સારાભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૮, ધંધો મજૂરી, રહેવાસી કુતાણા ગામ, તાલુકો લીલીયા) હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૧૩,૬૨૦/- નો ચોરીનો મુદ્દામાલ રિકવર કરી લીલીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાનો સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે.

# આદસંગ ગામે વૃધ્ધાએ લાંચ આપવાનો ઈન્કાર કરતા નોંધ નામંજૂર કરી હોવાનો આક્ષેપ

સાવરકુંડલા,તા.૦૪

સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે રહેતા નર્મદાબેન સાંગાણીએ વર્ષ ૨૦૧૨માં કિશોરભાઈ મુલાણી પાસેથી ખરીદેલી સંપૂર્ણ ક્લિયર ટાઈટલવાળી જમીનનો કબજો ૧૪ વર્ષથી તેમની પાસે હોવા છતાં તેની કાચી નોંધ પડી ન હતી. વૃધ્ધાના પૌત્રની રજૂઆત બાદ ઈ-ધરા કચેરી દ્વારા કાચી નોંધ પાડવામાં આવી હતી, પરંતુ તેને પ્રમાણિત કરવા માટે દસ્તાવેજ લખનાર મારફત રૂ.૨૫,૦૦૦ની લાંચ માંગવામાં આવી હતી. ગરીબ વૃધ્ધાએ નાણાં આપવાની અશક્તિ દર્શાવતા અને લાંચ ન મળતા જવાબદાર અધિકારી દ્વારા કોઈ પણ કાયદાકીય ખામી વગર બીજે જ દિવસે પ્રત્યાઘાતી પગલાં રૂપે નોંધ નં. ૪૬૪૦ નામંજૂર કરી દીધી હતી. આ ભ્રષ્ટાચાર અને અન્યાય સામે ન્યાય મેળવવા માટે વૃધ્ધ મહિલા અને તેમના પૌત્રએ અમરેલી જિલ્લા પોલીસ વડા સમક્ષ વિગતવાર અરજી કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

**લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) અને શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ, લીલીયા મોટાના ઉપક્રમે**

# લીલીયા ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો, રાહતભાવે ચશ્માનું વિતરણ

અમરેલી,તા.૦૪



લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના મહત્વના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ અંતર્ગત લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) અને ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ, લીલીયા મોટાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી ૩૨મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. ઉમિયાધામ લીલીયા મોટા ખાતે આયોજિત આ કેમ્પનું દીપ પ્રાગટ્ય મંદિર ટ્રસ્ટના ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા અને ક્લબના પ્રમુખ ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે અંધત્વ નિવારણની આ કામગીરીને બિરદાવી હતી. જેમાંથી ૧૭ જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય, અમરેલી ખાતે વિનામૂલ્યે ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપવામાં આવ્યા હતા. આ સાથે તમામ દર્દીઓના બ્લડ પ્રેશર અને બ્લડ સુગરની તપાસ કરવામાં આવી હતી, જ્યારે ૧૭ વ્યક્તિઓને રાહત ભાવે ચશ્માનું વિતરણ કરાયું હતું. નેત્ર જાળવણી અંગે જાગૃતિ લાવવા માટે ૨,૦૦૦ પત્રિકાઓ વહેંચવામાં આવી હતી. ઉમિયાધામ લીલીયા ખાતે દર મહિનાના પહેલા ગુરૂવારે આવી વિનામૂલ્યે સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ કેમ્પને સફળ બનાવવા બાબુભાઈ ધામત, મનસુખભાઈ ગાંગડીયા, બટુકભાઈ સોળીયા, પ્રવિણભાઈ શેખલીયા અને લાયન્સ ક્લબના સેક્રેટરી પરેશભાઈ કાનપરીયા સહિતના આગેવાનો અને તબીબી સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજભા ગઢવીને જંગલમાં માલધારી તરીકે રહેવાની મંજૂરી મળતા ગોપાલ ઈટાલીયા મેદાનમાં

**સંકલન સમિતિની બેઠકમાં ડીસીએફને હાજર રહેવા કલેકટરનો આદેશ**

અમરેલી,તા.૦૪

લોકસાહિત્યકાર રાજભા ગઢવીને ધારી ગીર જંગલમાં માલધારી તરીકે રહેવાની મંજૂરી મળતા નવો વળાંક આવ્યો છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગીર અભયારણ્યના માલધારીઓના કાયમી વસવાટ અંગે સત્તાવાર જવાબ માંગ્યો છે. આ ગંભીર બાબતે અમરેલી કલેક્ટરે ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવ પાસે તાત્કાલિક વિગતવાર અહેવાલ માંગી આગામી બેઠકમાં રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યો છે. જંગલના કડક નિયમો અને પરંપરાગત માલધારીઓના અધિકારો વચ્ચેનો આ વિવાદ હવે મોટું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. રાજભાના પરિવારને મળેલી મંજૂરીના આધારે અન્ય માલધારીઓ માટે પણ ન્યાયની માંગ ઉઠી છે. આગામી ૨૦ જૂને મળનારી અમરેલી જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં આ મુદ્દે ભારે ગરમાવો આવવાની શક્યતા સેવાઈ રહી છે.

# કલોલના પિયજ ગામ નજીક નર્મદા કેનાલમાં પરિવારનો સામૂહિક આપઘાત

ગાંધીનગર,તા.૦૪



કલોલ તાલુકાના પિયજ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક જ પરિવારના ત્રણ સભ્યોના હાથ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અમદાવાદમાં રહેતા અને મૂળ મહેસાણાના તળેટી ગામના પ્રજાપતિ પરિવારની માતા સંગીતાબેન, પુત્રી નેહાબેન અને તેમની માત્ર બે વર્ષની માસૂમ દીકરી પહેલા કેનાલમાં કૂદીને સામૂહિક આપઘાત કરી લીધો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ હૃદયદ્રાવક પગલાં પાછળ પારિવારિક કલેશ જવાબદાર છે. આપઘાત કરતા પહેલાં પુત્રી નેહાએ સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારી પોસ્ટ મૂકી હતી, જેમાં તેણે પોતાની ભાભી ધરતી પર ગંભીર આક્ષેપો કર્યા છે. ભાભી દ્વારા અવારનવાર અપાતા માનસિક ત્રાસ અને સાસરીમાં કરાતી ચડામણીથી કંટાળીને આખરે ત્રણેય જિંદગીનો અંત આણ્યો હોવાનું ખુલ્યું છે. પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના નાંદણ ગામની સીમમાં કૂવામાં પડેલા બે હરણનું રેસક્યૂ

ઉના,તા.૦૪



ઉના તાલુકાના નાંદણ ગામની સીમમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં જંગલની હદને અડીને આવેલા રામજીભાઈ મેવાડાના ખેતરમાં પાણીની શોધમાં ભટકતા બે હરણ અકસ્માતે ૪૦ ફૂટ ઊંડા કૂવામાં ખાબક્યા હતા. હરણોને કૂવામાં પડેલા જોઈને સ્થાનિક ખેડૂતોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતા જ ફોરેસ્ટર જીતેન્દ્રભાઈ બાંભણીયા પોતાની ટીમ સાથે તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વન વિભાગની ટીમ, સ્થાનિક વનમિત્ર ભરતભાઈ અને ગામના સાહસિક યુવાનોએ સાથે મળીને કલાકો સુધી ભારે જહેમત ઉઠાવી હતી. યુવાનોએ જીવના જોખમે દોરડા વડે કૂવામાં ઉતરીને બંને હરણને અત્યંત સાવચેતીપૂર્વક સુરક્ષિત બહાર કાઢ્યા હતા.


**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.15/2026
જન્મ તારીખ : 01/01/1990

શ્રી વંશ રઈબેન ડાયાભાઈ,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, વેલણ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી વંશ રઈબેન ડાયાભાઈ, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના સસરા સ્વ. કરશનભાઈ જેઠાભાઈ વંશનું મરણ તારીખ.01/01/1990ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.


આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# વડાપ્રધાન મોદી અને વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક

નવી દિલ્હી, તા.૪

વડાપ્રધાન વડાપ્રધાન મોદીએ ગુરુવારે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમજ વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વાટાઘાટોમાં ઊર્જા સુરક્ષા, વેપાર અને રોકાણ, ફાર્માસ્યુટિકલ્સ, આરોગ્યસંભાળ, પરિવહન અને નવીનીકરણીય ઊર્જા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો કેન્દ્રસ્થાને રહ્યા હતા. બેઠક પહેલાં વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે મુલાકાત કરી હતી અને ભારત-વેનેઝુએલા વચ્ચેની લાંબા ગાળાની ભાગીદારીને વધુ ગાઢ બનાવવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. ડેલ્સી રોડ્રિગ્ઝ પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે ભારત આવ્યા છે. તેમની સાથે વિદેશ, અર્થતંત્ર અને નાણાં, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંદેશાવ્યવહાર તેમજ પરિવહન વિભાગના મંત્રીઓ સહિતનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ પણ જોડાયું છે.

# બિહારના મુઝફ્ફરપુરની ખાનગી હોસ્પિટલમાં આગ લાગતા પાંચના મોત

પટના,તા.૦૪

બિહારના મુઝફ્ફરપુરમાં એક ખાનગી હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં પાંચ દર્દીઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે અને વીસથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રાથમિક તપાસ અનુસાર બુધવારે રાત્રે આશરે ત્રણ વાગ્યે શોર્ટ સર્કિટના કારણે એસીમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો, જેના



લીધે આગ આખા વોર્ડમાં ઝડપથી ફેલાઈ ગઈ હતી. ઘટનાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.આ અકસ્માત પાંચમા માળે થયો હોવાથી બારીઓ અને દરવાજા તોડીને દર્દીઓને માંડ-માંડ બહાર કાઢવામાં આવ્યા હતા. પરિવાજનોનો આક્ષેપ છે કે હોસ્પિટલનો સ્ટાફ દર્દીઓને ભગવાન ભરોસે મૂકીને ભાગી ગયો હતો, જેના કારણે લોકોએ જાતે જ પોતાના સ્વજનોને સ્ટ્રેચર પર બહાર કાઢવા પડ્યા હતા. મૃતકોમાં ગીતા દેવી, ઉદય કુમાર અને શશાંક કુમારની ઓળખ થઈ છે.

# વિવાદાસ્પદ નિવેદન બાદ મમતા બેનરજી સામે પોલીસ ફરિયાદ

કોલકાત્તા,તા.૦૪

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ મમતા બેનર્જીની રાજકીય મુશ્કેલીઓમાં ફરી મોટો વધારો થયો છે. કોલકાતાના ધર્મતલા વિસ્તારમાં બીજી જૂન ૨૦૨૬ના રોજ આયોજિત એક ધરણા પ્રદર્શન દરમિયાન વિવાદાસ્પદ ભાષણ આપવા બદલ તેમની સામે સિલીગુડી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. એક સ્થાનિક વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી આ ફરિયાદ અનુસાર, મમતા બેનર્જીએ બાંગ્લાદેશના હાઈ-પ્રોફાઈલ હત્યાકાંડ અંગે વાત કરતી વખતે કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને ગૃહ મંત્રી અમિત શાહનું નામ બિનજરૂરી રીતે ઢસેડ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં દાવો કર્યો હતો કે બાંગ્લાદેશી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન બિન હાદીની હત્યા પાછળના સંપૂર્ણ ષડયંત્રની તેમને જાણ છે. આ ગંભીર નિવેદનને આધારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કેરળમાં ચોમાસાનું આગમન, અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા.૪

દેશભરમાં ગરમીથી ત્રસ્ત લોકોને રાહત આપતા દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ ગુરુવારે સત્તાવાર રીતે કેરળમાં પ્રવેશ કર્યો છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ચોમાસાનું આગમન સામાન્ય તારીખ કરતાં થોડા દિવસ મોડું થયું છે. કેરળના અલાપ્પુઝા, કોટ્ટાયમ અને એર્નાકુલમ જિલ્લાઓમાં ભારે



વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને ભારે વરસાદ પડવાની શક્યતા છે. કેરળમાં પ્રવેશ કર્યા બાદ ચોમાસું તબક્કાવાર ઉત્તર દિશામાં આગળ વધશે અને જુલાઈના મધ્ય સુધીમાં દેશના મોટા ભાગને આવરી લેવાની સંભાવના છે. વિભાગે આગાહી કરી છે કે આગામી બે થી ચાર દિવસ દરમિયાન દિલ્હી, ઉત્તર પ્રદેશ સહિત દેશના અનેક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે, જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાશે અને લોકોને ગરમીમાંથી રાહત મળશે. કેરળ ઉપરાંત તમિલનાડુ અને કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# કર્ણાટકમાં ડીકે શિવકુમારના સ્થાને બીકે હરિપ્રસાદ નવા કોંગ્રેસ પ્રમુખ

કર્ણાટક,તા.૦૪



કર્ણાટકમાં મુખ્યમંત્રી તરીકે ડીકે શિવકુમારે શપથ લેતાં તેમણે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું છે. તેમના સ્થાને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિએ વરિષ્ઠ અને અનુભવી નેતા બીકે હરિપ્રસાદને કર્ણાટક કોંગ્રેસના નવા પ્રમુખ (KPCC Chief) નિયુક્ત કર્યા છે. નવી સરકારમાં જી. પરમેશ્વર નાયબ મુખ્યમંત્રી બન્યા છે. સત્તા સંભાળતા જ મુખ્યમંત્રી શિવકુમારે સરકારી બસોમાં તમામ વિદ્યાર્થીઓ માટે મફત મુસાફરીની પ્રથમ મોટી જાહેરાત કરી છે.

# મોદી સરકારની વિદેશ, કૃષિ, શિક્ષણ અને આર્થિક નીતિઓ સામે રાહુલ ગાંધીના આકરા પ્રહારો

નવી દિલ્હી,તા.૦૪

કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ખરાબ હવામાનના કારણે અલ્મોડાની જાહેર સભામાં રૂબરૂ હાજર ન રહી શકતા દિલ્હીથી ફોન દ્વારા જનતાને સંબોધિત કરી હતી. પોતાના સંબોધનમાં તેમણે કેન્દ્રની મોદી સરકારની વિદેશ, કૃષિ, શિક્ષણ અને આર્થિક નીતિઓ પર આકરા પ્રહારો



કર્યા હતા. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર અમેરિકાના દબાણ હેઠળ કામ કરી રહી છે અને દેશની વિદેશ નીતિ હવે અમેરિકા દ્વારા નિયંત્રિત થઈ રહી છે, જે ભારત કયા દેશ પાસેથી તેલ ખરીદે તે પણ નક્કી કરે છે. આ ઉપરાંત, તેમણે જીએસટીના ખામીયુક્ત અમલીકરણને કારણે નાના વ્યવસાયો બંધ થવા અને બેરોજગારી વધવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે દેશનું કૃષિ અને શિક્ષણ ક્ષેત્ર પણ ઊંડા સંકટમાં છે, કારણ કે નીતિઓ સામાન્ય જનતાના બદલે માત્ર થોડા ઉદ્યોગપતિઓના લાભ માટે બનાવવામાં આવી રહી છે.

# પ.બંગાળની મદરેસાઓમાં વંદે માતરમ ફરજિયાત કરવાના આદેશને કોલકાતા હાઈકોર્ટમાં પડકારાયો

નવી દિલ્હી,તા.૦૪

પશ્ચિમ બંગાળની સરકારે ૧૯ મેના રોજ રાજ્યની તમામ સરકારી અને માન્યતા પ્રાપ્ત મદરેસાઓની પ્રાર્થના સભામાં 'વંદે માતરમ' ગાવાનું ફરજિયાત કરતો આદેશ જારી કર્યો હતો. આ સરકારી આદેશને હવે કોલકાતા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દ્વારા પડકારવામાં આવ્યો છે. હાવડાના રહેવાસી મોહમ્મદ



મહતાબુદ્દીન લસ્કરે દાખલ કરેલી આ અરજીમાં દાવો કરાયો છે કે, આ પ્રકારનો બળજબરીપૂર્વકનો આદેશ નાગરિકોના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

અરજદારની દલીલ મુજબ, ગીત ગાવાની ફરજ પાડવી એ બંધારણના અનુચ્છેદ ૧૪ (સમાનતાનો અધિકાર), અનુચ્છેદ ૧૯(૧)(એ) (અભિવ્યક્તિ અને મૌનની સ્વતંત્રતા) તેમજ અનુચ્છેદ ૨૫(૧) (ધાર્મિક સ્વતંત્રતા) પર ત્રાપ સમાન છે. દેશભક્તિ દર્શાવવાની અન્ય રીતો પણ હોઈ શકે છે. અગાઉ પણ આવા મામલા અદાલતોમાં પહોંચ્યા છે, જેમાં સુપ્રીમ કોર્ટ અને મદ્રાસ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે વ્યાજબી કારણો હોય તો કોઈ વ્યક્તિને ગીત ગાવા માટે દબાણ કે બળજબરી કરી શકાય નહીં. હવે આ મામલે કોલકાતા હાઈકોર્ટ બંધારણીય માપદંડોના આધારે આખરી નિર્ણય કરશે.

# કોકરોચ જનતા પાર્ટીની દિલ્હીમાં પ્રથમ પ્રેસ કોન્ફરન્સ, શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ


નવી દિલ્હી,તા.૦૪

કોકરોચ જનતા પાર્ટી (CJP) એ બુધવારે દિલ્હીમાં પ્રથમ પ્રેસ કોન્ફરન્સ કરી. પાર્ટી તરફથી ત્રણ પ્રવક્તા પ્રથમ વખત પોતાની માંગણીઓ લઈને જનતા સમક્ષ આવ્યા. તેમણે શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણીનું પુનરાવર્તન કર્યું અને કહ્યું કે આ માટે તેઓ સરકાર અને વિપક્ષ બંને સાથે વાતચીત કરવા તૈયાર છે. CJP પ્રવક્તા સૌરવ દાસે CBSE ચેરમેન રાહુલ સિંહ અને સચિવ હિમાંશુ ગુપ્તાની બદલીને માત્ર દેખાડો ગણાવી. તેમણે કહ્યું કે શિક્ષણ વ્યવસ્થામાં જવાબદારી નક્કી થવી જોઈએ અને માત્ર બદલીઓથી સમસ્યાનું સમાધાન નહીં થાય.CJP ફાઉન્ડર અભિજીત દિપકે ૬ જૂને અમેરિકાથી દિલ્હી પહોંચશે. ત્યારબાદ તેઓ જંતર-મંતર પર પ્રદર્શનની પરવાનગી લેવા માટે સંસદ માર્ગ પોલીસ સ્ટેશન જશે. પાર્ટીએ દેશભરના યુવાનોને આ આંદોલનમાં જોડાવા અપીલ કરી છે.પાર્ટીએ દાવો કર્યો કે જળવાયુ કાર્યકર્તા સોનમ વાંગચુક પણ પ્રદર્શનમાં સામેલ થઈ શકે છે. CJP નેતાઓએ કહ્યું કે આ આંદોલન શિક્ષણ વ્યવસ્થા અને રાજકીય તંત્રને લઈને યુવાનોની વધતી નારાજગી દર્શાવે છે.

# ઈરાન સામે ટ્રમ્પની લશ્કરી સત્તા મર્યાદિત કરતો ઠરાવ યુએસ કોંગ્રેસે મંજૂર કર્યો

વોશિંગ્ટન,તા.૦૪

અમેરિકી સંસદ (યુએસ કોંગ્રેસ) ના પ્રતિનિધિ ગૃહે ઈરાન સામે લશ્કરી કાર્યવાહી અટકાવવા માટે 'વોર પાવર્સ રિઝોલ્યુશન' (યુધ્ધ શક્તિ ઠરાવ) ને ૨૧૫ વિરુધ્ધ ૨૦૮ મતોથી મંજૂરી આપી દીધી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરીને કેટલાક રિપબ્લિકન ધારાસભ્યો ડેમોક્રેટ્સ સાથે જોડાયા હતા. સાંસદોના મતે, આ અવિચારી



યુધ્ધથી અમેરિકા પર અબજો ડોલરનો આર્થિક બોજ વધ્યો છે અને વૈશ્વિક સ્તરે મોંઘવારી તેમજ ક્રૂડ ઓઈલની અછત સર્જાઈ છે. જોકે, આ ઠરાવ પ્રતીકાત્મક છે અને હજુ સેનેટમાં તેના પર અંતિમ મતદાન બાકી છે.

# પૂણેમાં હિન્દુ ધર્મ છોડવાનુ જણાવી મહિલા કર્મચારી પાસેથી રાજીનામુ લઈ લેવાયુ

**આ મામલે હિંજવાડી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાઇ**

પૂણે,તા.૦૪

પુણેની હિંજવાડી સ્થિત વિપ્રો ટેક્નોલોજીસ કંપનીની એક પૂર્વ મહિલા કર્મચારીએ કંપની પર ધાર્મિક ઉત્પીડન, કાર્યસ્થળ પર ભેદભાવ અને જબરદસ્તીથી રાજીનામું અપાવવાના અત્યંત ગંભીર આરોપો લગાવ્યા છે. હિંદુ જનજાગૃતિ સમિતિ દ્વારા આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં પીડિતાએ પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, તેની એક મહિલા સહકર્મી તેના પર વારંવાર હિંદુ ધર્મ છોડીને ઈસ્લામ અપનાવવા તેમજ મુસ્લિમ પુરુષ સાથે સંબંધ બાંધવા માટે સતત દબાણ કરતી હતી. સહકર્મી તેને વિદેશ જવાની અને સારી જિંદગીની લાલચ આપીને અંગત જીવનમાં દખલગીરી કરતી હતી. આ બાબતે કંપનીના વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવા છતાં કોઈ પગલાં લેવાયા નહીં અને ઉલટાનું ઓમ્બડ્સ કમિટીમાં પીડિતા વિરુધ્ધ જ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ મામલે હિંજવાડી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે.

# ઈઝરાયલ-લેબનોન વચ્ચે યુધ્ધવિરામ લાગુ કરી સુરક્ષા ઝોન સ્થાપવા પર સહમતી

વોશિંગ્ટન,તા.૦૪

અમેરિકાની મધ્યસ્થતામાં યોજાયેલી વાટાઘાટો બાદ ઈઝરાયલ અને લેબનોન વચ્ચે નાજુક યુધ્ધવિરામને પુનઃ લાગુ કરવા અને લેબનોનમાં કેટલાક પાયલોટ 'સુરક્ષા ઝોન' સ્થાપવા પર સહમતી સધાઈ છે. આ કરાર અંતર્ગત હિઝબુલ્લાહના લડવૈયાઓને સુરક્ષા ઝોનમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે અને લેબનીઝ સેના આ વિસ્તારોનું





સંપૂર્ણ નિયંત્રણ સંભાળશે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદન મુજબ, યુધ્ધવિરામની સફળતા હિઝબુલ્લાહ દ્વારા ગોળીબાર સંપૂર્ણ બંધ કરવા અને લિટાની નદીના દક્ષિણ વિસ્તારમાંથી લડવૈયાઓને પાછા ખેંચવા પર નિર્ભર રહેશે. બીજી તરફ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર દાવો કર્યો છે કે તેમણે ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે તીક્ષ્ણ વાતચીત કરીને તેમને લેબનોનના બૈરુત પર મોટો હુમલો કરતા રોક્યા હતા, જેના પગલે ઈઝરાયલે પોતાના સૈનિકો પાછા ખેંચ્યા છે. આ કરારથી બંને દેશો વચ્ચે વ્યાપક શાંતિ સ્થપાવાની આશા છે.

# ભારત સાથે સંબધો મજબૂત બનાવવા માટે તુર્કીના વિદેશપ્રધાનની વિનંતી

નવી દિલ્હી, તા.૦૪

કાશ્મીર મુદ્દો અને 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાનને આત્મઘાતી ડ્રોન આપી ખુલ્લેઆમ ટેકો આપવા બદલ તુર્કી અને ભારતના સંબંધોમાં તણાવ આવ્યો છે. જોકે, બદલાયેલી વૈશ્વિક સ્થિતિ વચ્ચે તુર્કી હવે ભારત સાથેના સંબંધો સુધારવા સક્રિય બન્યું છે. સિંગાપોરમાં આયોજિત એક મંચ પર તુર્કીના વિદેશ પ્રધાન હકાન ફિદાને ભારતને વિનંતી કરી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



પ્રગતિનું પર્વ, પ્રકૃતિનો ગર્વ



## આત્મનિર્ભર ભારતના પ્રણેતા
### માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્ર મોદીના
### વરદ હસ્તે
## ₹ ૧૮,૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત
## તેમજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ગરીમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી, ભારત

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### કાર્યક્રમની વિશેષતાઓ

- પ્લાસ્ટિક કે થર્મોકોલના ઉપયોગ વિના ૧૦૦% સસ્ટેનેબલ ડેકોરેશન
- સુરતના ફાઈન આર્ટસના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રીસાઈકલ કાપડમાંથી તૈયાર થયેલું સ્ટેજ બેકડ્રોપ
- પર્યાવરણનો સંદેશ આપતી ૫૦૦૦ થી વધુ નાગરિકોની કૃતિઓનો સમાવેશ તેમજ હેન્ડ-પેઈન્ટેડ હોર્ડિંગ્સ તેમજ પેનલ્સ
- આદિવાસી કલાકારો દ્વારા તૈયાર થયેલ પરંપરાગત વાંસ આધારિત વિવિધ ઈન્સ્ટોલેશન
- વેસ્ટમાંથી બેસ્ટ અભિગમ સાથે રીસાઈકલ સામગ્રીથી તૈયાર થયેલી શિલ્પકૃતિઓનો સમાવેશ.
- ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી ઈકો - ફ્રેન્ડલી રંગોળી

- ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણના ૬ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત કર્મચારી રાજ્ય વીમા નિગમના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- માર્ગ અને મકાન વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જિલ્લા પંચાયત ડાંગ-આહવાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ



તારીખ: ૦૫ જૂન, ૨૦૨૬ | સમય: સાંજે ૪:૧૫ વાગે | સ્થળ: પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત

"આદરણીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ₹૧૮,૦૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ એ ગુજરાતમાં 'પ્રગતિ અને પ્રકૃતિ'ના ઉત્તમ સમન્વય થકી 'વિકસિત ભારત'ના નિર્માણની મજબૂત ગેરંટી છે."

- **શ્રી હર્ષ સંઘવી**, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: DD NEWS ડી ડી ન્યૂઝ | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat